## આજનો સુવિચાર

માટીની ભીનાશ જેમ વૃક્ષને પકડી રાખે છે તેમ, શબ્દોની મીઠાસ મનુષ્યના સંબંધોને સાચવી રાખે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૧ જૂનાગઢ તા.૧૬-૧૦-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 261, Junagadh : Date : 16 October, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

ઈસ્લામાબાદ ખાતે યોજાઈ રહેલી SCO સમીટને વિદેશમંત્રી એસ. જયશંકરનું સંબોધન

## કોઈપણ સંજોગોમાં આતંકવાદનો ખાત્મો જરૂરી ચીન - પાકિસ્તાનની જુગલબંધી પર જયશંકરે પ્રહારો કર્યા



ઈસ્લામાબાદ તા. ૧૬

પાકિસ્તાનનાં પાટનગર ઈસ્લામાબાદ ખાતે યોજાઈ રહેલી શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમીટને સંબોધતા કરતા ભારતનાં વિદેશમંત્રી એસ. જયશંકરે સ્પષ્ટપણે એવું જણાવ્યું કે, કોઈપણ સંજોગોમાં આતંકવાદનો ખાત્મો જરૂરી છે. SCO સમીટ આતંકવાદ, અલગાવવાદ અને ઉગ્રવાદની વીરોધમાં છે. આપણે પરસ્પર હિતોનું ધ્યાન રાખવું પડશે. SCO સમિટમાં કોઈનું નામ લીધા વગર જયશંકરે પાકિસ્તાન અને ચીનની જુગલબંધી પર પ્રહારો કર્યા હતા અને એકજ નિવેદનથી બે દેશોને નિશાના પર લીધા હતા. તેમણે ક્ષેત્રીય સુરક્ષા અને આર્થિક સહયોગ પર પણ ભાર મુકયો હતો. વધુમાં દક્ષિણ એશિયા વિસ્તારમાં સ્થિરતા અને આર્થિક સમૃધ્ધિ માટે ભારત પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. જયશંકરે તેમના સંબોધનમાં ભારતનો દ્રષ્ટીકોણ સ્પષ્ટપણે જણાવતા ચીન - પાકિસ્તાન વિરૂધ્ધ નિવેદન કરતા કહયું કે, ચાઈના - પાકિસ્તાન ઈકોનોમીક કોરીડોરનો ભારત વિરોધ કરે છે આ કોરીડોર ક્ષેત્રીય સંપ્રભુતાનું ઉલ્લંઘન છે તેમ તેમણે જણાવ્યું હતું. ૧૫ ઓક્ટોબરે પાકિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ યોજાઈ રહી છે. વિદેશ મંત્રી એસ જયશંકર ગઈકાલે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. પીએમ શાહબાઝ શરીફે SCO નેતાઓ માટે ડિનરનું આયોજન કર્યું હતું. પાક. વડાપ્રધાન શાહબાઝ અને જયશંકરની મુલાકાત થઈ હતી. પાકિસ્તાની પીએમ આગળ આવ્યા અને બંનેએ હાથ મિલાવ્યા. છેલ્લા કેટલાક સમયથી બંને નેતાઓ વચ્ચે શું વાતચીત થઈ તે સામે આવ્યું નથી. જયશંકર લગભગ ૯ વર્ષ બાદ પાકિસ્તાનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય નેતા છે.

### દિવાળી ૩૧ ઓકટોબરે ઉજવાશે : મુંઝવણનો અંત

નવી દિલ્હી,તા. ૧૬: આ વર્ષે દિવાળી ૩૧ ઓક્ટોબરના રોજ મનાવવામાં આવશે તેવો નિર્ણય દેશભરના જયોતિષીઓ અને વિદ્વાનોની મળેલી બેઠકમાં લેવાયો છે. આમ આ મામલે ચાલી રહેલી મૂંઝવણ દૂર થઈ છે. પંચાંગ અનુસાર, દિવાળીનો તહેવાર મુખ્યત્વે અમાવસ્યા ક્યારે આવશે તેના પર નિર્ભર કરે છે. ૩૧ ઓક્ટોબરે સાંજે ૪ વાગ્યા પછી અમાવસ્યા મનાવવામાં આવી રહી છે અને આ દિવસે આખી રાત અમાવસ્યા તિથિ છે. ગૃહસ્થો અને જેઓ તંત્ર સાધના કરે છે તેઓને પ્રદોષકાળમાં અમાવસ્યા આવે છે. આ તર્કના આધારે ૩૧ ઓક્ટોબરે દિવાળી ઉજવવા પર સહમતિ સધાઈ હતી. અગાઉ ૧ નવેમ્બરે દિવાળી ઉજવવા અંગે ચર્ચા ચાલી હતી.


## ભારત - કેનેડા વિવાદમાં હવે અમેરીકાએ પણ ઉંબાડીયું કર્યુ : વણમાંગી સલાહ આપી

વોશિંગ્ટન તા. ૧૬

ખાલિસ્તાની સમર્થક હરદીપસિંહ નિજ્જરના મામલાને લઈને ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા ઉગ્ર વિવાદ વચ્ચે અમેરિકાનું ભારત વિરોધી નિવેદન સામે આવ્યું છે. અમેરિકાએ ભારત પર તપાસમાં સહકાર નહ્રઙ્ઞ આપવાનો આરોપ લગાવ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું- કેનેડાઓ ભારત પર લગાવવામાં આવેલા આરોપો ખૂબ જ ગંભીર છે. અમે ઈચ્છીએ છીએ કે ભારત સરકાર કેનેડા સાથે મળીને તપાસમાં મદદ કરે. ભારતે આજ સુધી આવું કર્યું નથી.

આ પહેલાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારત સરકારના અધિકારીઓ સામેલ હતા. આ પહેલીવાર નથી જ્યારે અમેરિકાએ ભારત અને કેનેડા વચ્ચેના તણાવ પર ટિપ્પણી કરી હોય. ગત વર્ષે સપ્ટેમ્બરમાં પણ કેનેડાના પીએમ ટ્રૂડોએ સંસદમાં ભારત પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારે પણ અમેરિકાએ ભારતને તપાસમાં સહયોગ કરવા કહ્યું હતું.

## ૧૦ વર્ષ બાદ જમ્મુ-કાશ્મીરમાં નવી સરકાર બની મુખ્યમંત્રી પદે ઉમર અબ્દુલ્લાની શપથવિધિ



શ્રીનગર તા. ૧૬

જમ્મુ-કાશ્મીરને ૧૦ વર્ષ બાદ નવા મુખ્યમંત્રી મળ્યા છે. નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી પદે શપથ લીધા છે. તે સાથે તેઓ આ કેન્દ્રશાસિત પ્રદેશના પ્રથમ સીએમ બન્યા. આ સમારોહ શ્રીનગરના શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટરમાં યોજાયો છે. રાજ્યપાલ મનોજ સિંહાએ ડેપ્યુટી સીએમ સુરેન્દ્ર ચૌધરી, મંત્રી સકીના, જાવેદ રાણા, જાવેદ ડાર, સતીશ શર્માને પણ શપથગ્રહણ કરાવ્યા હતા. જયારે કોંગ્રેસે સરકારમાં નહીં જોડાવાનો નિર્ણય લીધો છે. તેમનો એકપણ ધારાસભ્ય મંત્રી નહીં બને. જો કે કોંગ્રેસ ઓમર સરકારને સમર્થન આપવાનું ચાલુ રાખશે. ઓમર અબ્દુલ્લા બપોરે ૩:૦૦ વાગ્યે વહીવટી સચિવ સાથે બેઠક કરશે. શપથ ગ્રહણ સમારોહમાં ૫૦થી વધુ VIPઓએ હાજરી આપી હતી. I.N.D.I.A.બ્લોકના ઘણા મોટા નેતાઓ હાજર હતા. સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી, તમિલનાડુના સીએમ એમ કે સ્ટાલિન, ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, લાલુ પ્રસાદ યાદવ અને અરવિંદ કેજરીવાલ સહિત લગભગ ૫૦ વીઆઈપીને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. જો કે કેજરીવાલ પહોંચ્યા ન હતા.

### ચીની વૈજ્ઞાનિકોને ટાઈપ-૧ ડાયાબીટીસ રીવર્સ કરવામાં સફળતા મળી

બૈજીંગ,તા.૧૬

તબીબી ઈતિહાસમાં એક નવી સિમાચીન્હરૂપ સમાન સફળતામાં ચીનમાં તબીબોએ ૨૫ વર્ષના એક મહિલાનું ટાઈપ-વન ડાયાબીટીસ રીવર્સ કરવામાં સફળતા મેળવી છે આજે જયારે ડાયાબીટીસે ભારત સહીત વિશ્વભરમાં એક સૌથી સામાન્ય છતા ગંભીર રોગ બની ગયો છે અને તે ફકત અનેક રોગને આમંત્રણ આપે છે અને લાઈફ સ્ટાઈલને પણ મોટી અસર કરે છે. ભારત વિશ્વનું ડાયાબીટીકનું પાટનગર ગણાય છે અને જો ડાયાબીટીક કન્ટ્રોલ કરી શકો નહિં કે તેનો ઈલાજ થાય નહિં તો તે આંધણાપણુ કીડની નિષ્ફળ જવાની હૃદયરોગ અને તેવા અનેક ઘાતક રોગોને આમંત્રણ આપે છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાનાં રીપોર્ટ મુજબ વિશ્વમાં ૫૦ કરોડ લોકો ડાયાબીટીકની બિમારીથી પીડાય છે. જયા ભારતમાં ૭.૪૦ કરોડ દર્દીઓ છે.

### સમાચાર રાઉન્ડ અપ

- આંધ્રપ્રદેશ - તામિલનાડુમાં અતિભારે વરસાદ : બેંગ્લુરૂમાં મેઘતાંડવ - શાળા-કોલેજોમાં રજા : જનજીવન ઠપ્પ
- હજુ પણ ૧૨.૯ કરોડ ભારતીયો અત્યંત ગરીબીમાં જીવન વિતાવી રહયા છે : અહેવાલ
- દેશભરમાં ૮૪ લાખ વોટ્સએપ એકાઉન્ટ બેન કરાયા
- હરીયાણામાં આવતીકાલે નવી સરકારની શપથવિધિ : વડાપ્રધાન મોદી સહિતનાં વીઆઈપી મહાનુભાવો ઉપસ્થિત રહેશે
- કરદાતાઓ માટે સારા સમાચાર : ટુંક સમયમાં નવું પોર્ટલ લોન્ચ થશે : રીટર્ન ઝડપથી ભરાશે

## મસ્જીદમાં જય શ્રીરામનાં નારા લગાવવાથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચતી નથી : કર્ણાટક હાઈકોર્ટ



બેંગ્લોર, તા.૧૬:

કર્ણાટક હાઈકોર્ટે એક ફેંસલો સંભળાવતા કહ્યું કે મસ્જિદમાં જય શ્રીરામના નારા લગાવવાથી કોઈ સમુદાયની ધાર્મિક ભાવનાઓનું અપમાન થયું નથી. તેના આધારે કોર્ટે બે આરોપીઓ કિર્તન કુમાર અને સચિન કુમાર સામે ચાલી રહેલા ફોજદારી કેસને ફગાવી દીધો છે. કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લામાં ગત વર્ષે સપ્ટેમ્બરમાં આ કેસ નોંધાયો હતો.

આ કેસમાં ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે બંને આરોપીઓ એક રાત્રે મસ્જીદમાં ઘૂસી ગયા અને 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા. આના પર પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૫છ, ૪૪૭ અને ૫૦૬ હેઠળ કેસ નોંધ્યો હતો. જસ્ટિસ એમ નાગ-સન્નાની આગેવાની હેઠળની બેંચે કહ્યું, કલમ ૨૯૫ખ એવા ગુનાઓ સાથે કામ કરે છે જે કોઈ પણ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઈરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ રીતે અપમાનિત કરે છે. 'જય શ્રીરામ'ના નારા લગાવવાથી કોઈપણ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચે તેવી શકયતા છે.

રાજ્ય સરકારે આ મામલે વધુ તપાસની માંગ કરી હતી પરંતુ કોર્ટે તેને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે આ કેસમાં એવું કંઈ પણ સામે આવ્યું નથી કે જેનાથી જાહેર વ્યવસ્થા અથવા શાંતિ પર કોઈ નકારાત્મક અસર પડી હોય. કોર્ટે એમ પણ કહ્યું હતું કે કોઈપણ નક્કર કારણ વિના આવા કેસ ચાલુ રાખવાથી ન્યાયિક 'ક્રિયાનો દુરુપયોગ થશે અને તે ન્યાયની કસુવાવડ તરફ દોરી શકે છે.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ
ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં
રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ
ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક
સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ)
જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૯૨

ઉધઈ થી બચો

આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી

સંજયભાઈ

મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

ધમાકા એક્ષચેન્જ ઓફર

તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે



PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.


સી.સી. પડદાવાલા

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :


- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી ખૂબ નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

- કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
- ફિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
- LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
- ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



FASTIVAL OFFER 2024
DIWALI SALE
70% UPTO Off

Authorised Dealer
WILDCRAFT VIP ARISTOCRAT

પટેલ સેલ્સ એજન્સી
દિવાન ચોક, જૂનાગઢ. - ફોન : ૨૬૨૧૪૮૯

### ૨૩ વર્ષમાં રાજકોટ જિલ્લાનો શૈક્ષણિક વિકાસ

# આશરે ૯૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં ડિજિટલ એજ્યુકેશનના પ્રવેશોત્સવ-વ્યાપ સાથે રાજકોટના વિદ્યાર્થીઓ વિશ્વ સાથે મિલાવી રહ્યા છે ગુણોત્સવના કદમ



## શાળાઓની સંખ્યા વધી : ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમા સતત વિકાસ થઈ રહ્યો છે. ૨૩ વર્ષના તેમના સફળ અને સક્ષમ નેતૃત્વની ઉજવણી હેતુ વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વિકાસ સપ્તાહની ઉજવણી તમામ ક્ષેત્રે નાગરિકોને છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં આવેલા અભૂતપૂર્વ પરિવર્તનોની અનુભૂતિ કરાવી રહ્યું છે. ૨૩ વર્ષની આ વિકાસયાત્રાના અવસરે શિક્ષણક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનના નવા પરિદ્રશ્યો સામે આવ્યાં છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાનમાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ માટે પ્રોત્સાહિત કરવા પ્રવેશોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો, તો ગુજરાતના વિદ્યાર્થીઓનું શિક્ષણ ગુણવત્તાસભર બને અને વૈશ્વિક શિક્ષણ વ્યવસ્થા સાથે ભારતીય શિક્ષણ પ્રણાલી કદમ મિલાવી આગળ વધે તે માટે ગુણોત્સવ, ડિજિટલ એજ્યુકેશનને સામેલ કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, છેલ્લા ૨૩ વર્ષમાં રાજકોટ જિલ્લામાં શિક્ષણક્ષેત્રે મોટી ક્રાંતિ આવી છે. બે દાયકા અગાઉ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા માત્ર ૯૬ હતી, તેની સામે આજે આ સંખ્યા આશરે ૯૦૦ થવા જઈ રહી છે. એટલે કે જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યામાં આશરે ૯૦૦ ટકાથી વધુનો વધારો થયો છે. હાલના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ધૂરા સંભાળી અને તેમણે 'દરેક બાળક શાળાએ જવું જ જોઈએ, દરેક બાળકને શિક્ષણ મળવું જ જોઈએ', એ ખેવના સાથે પ્રવેશોત્સવ-ગુણોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો શરૂ કર્યા, બાળકોને ઘર-આંગણે શિક્ષણ મળે તે માટે નવી સરકારી પ્રાથમિક શાળાઓ ખોલાવી. તેના પરિણામે રાજકોટ જિલ્લામાં આજે અંદાજે ૯૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે. એટલું જ નહીં, તેમાંથી આશરે ૫૪૧ તો "સ્કૂલ ઑફ એક્સેલન્સ" તરીકે પસંદગી પામી છે. રાજકોટ જિલ્લામાં સરકારી-ખાનગી શાળાઓની સંયુક્ત સ્થિતિ જોઈએ તો, જિલ્લામાં ધોરણ ૧ થી ૫ સુધીની ૨૧૪ શાળાઓ છે. જ્યારે ધો. ૧થી ૮ સુધીની પ્રાથમિક શાળાઓની સંખ્યા ૧૦૯૩ જેટલી છે. જિલ્લામાં ધો. ૧થી ૧૦ સુધીની ૨૦૮ માધ્યમિક શાળાઓ જ્યારે ધો. ૧થી ૧૨ સુધીની ૩૦૭ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. આમ, જિલ્લામાં કુલ મળીને ૧,૮૨૧ સરકારી-ખાનગી શાળાઓ છે. આ સાથે રાજકોટ મહાનગરની સ્થિતિ જોઈએ તો, ૯૧ શાળાઓ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક અને અન્ય ૫૩૦ જેટલી સેલ્ફ ફાયનાન્સ પ્રાથમિક શાળાઓ છે. ઉપરાંત શહેર-જિલ્લામાં ૬૩૮ જેટલી સેલ્ફ ફાયનાન્સ માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે. તદુપરાંત રાજકોટ જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં પણ દરેક બાળકને ઉચ્ચ શિક્ષણની નવી તકો મળે તે માટે નવી સરકારી શાળાઓ મંજૂર કરવામાં આવી છે જેમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પ્રવેશોત્સવના કારણે શાળાપ્રવેશ માટે બાળકોની સાથે વાલીઓ તેમજ નાગરિકોનો પણ ઉત્સાહ વધ્યો છે. શાળા પ્રવેશોત્સવના પરિણામે છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટ જિલ્લામાં ૧૦૦ ટકા કરતાં પણ વધુ નામાંકન થયું છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૯થી ગુણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વધારવા માટે ત્રણ મુદ્દાનો કાર્યક્રમ પણ અમલમાં મુકાયો છેઃ બાળકોને મૂળભૂત અક્ષરજ્ઞાન-આંકડાજ્ઞાન, શાળાની ભૌતિક સુવિધા સુધારવી-વધારવી તેમજ શાળાના શિક્ષણની ગુણવત્તાનું ગ્રેડિંગ-મૂલ્યાંકન કરવામા આવ્યું હતું. વર્ષ ૨૦૧૯-૨૦માં શાળાઓનું વૈજ્ઞાનિક પધ્ધતિથી એક્રેડિટેશન કરવા માટે ગુણોત્સવ ૨.૦ની શરૂઆત કરવામાં આવી છે.જેમાં આશરે ૫૦૦ સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) દ્વારા દર વર્ષે તમામ શાળાઓનું સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ દ્વારા મૂલ્યાંકન અને એક્રેડિટેશન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ગુજરાત તેની તમામ ૩૨,૫૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને એક્રેડિટેશન કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું હતું. એક્રેડિટેશનના અત્યાર સુધીમાં કુલ ૪ રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યા છે. દરેક રાઉન્ડ માટે સ્કૂલ રિપોર્ટ કાર્ડ્સ તૈયાર કરીને શાળાઓને આપવામાં આવ્યા છે. આ માટે દરેક શાળાની સ્કુલ એડમિનિસ્ટ્રેશન, સંસાધનોનો ઉપયોગ, ટીચિંગ એન્ડ લર્નિંગ એઈડ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ સાથે વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવતા ડિજિટલ એજ્યુકેશનમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. આ જ કારણ છે કે, આ વર્ષ શાળા પ્રવેશોત્સવ દરમિયાન રાજકોટ જિલ્લામાં નવા ૮૫ કમ્પ્યુટર લિટરસી સેન્ટર તથા ૯૦થી વધુ જ્ઞાનકુંજ સ્માર્ટક્લાસ શરૂ થયા છે. સમયની સાથે ટેક્નોલોજીનો વ્યાપ વધ્યો છે અને તેનો શિક્ષણમાં પણ ઉપયોગ થવા લાગ્યો છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત આજે રાજકોટ જિલ્લામાં ૭૩૦ જ્ઞાનકુંજ-સ્માર્ટ ક્લાસ બનાવાયા છે. આમ જિલ્લામાં કુલ ૮૧૫ સ્માર્ટક્લાસ કાર્યરત થશે. નોંધનીય છે કે, જિલ્લામાં હાલ ૫૬ શાળાઓમાં ઈન્ફર્મેશન કમ્યુનિકેશન ટેક્નોલોજી લેબ (આઈ.સી.ટી.) કાર્યરત છે. આજે પ્રવેશોત્સવ-ગુણોત્સવ જેવા કાર્યક્રમોથી ડ્રોપઆઉટ રેશિયો ઘટીને ૧.૭૮ ટકા જેટલો થઈ ગયો છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે પણ રાજકોટ જિલ્લો અવ્વલ આવી રહ્યો છે. હાલમાં જ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં રાજકોટ જિલ્લો રાજ્યમાં પ્રથમ હતો. તો ધોરણ ૧૦-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં રાજકોટ જિલ્લો ૧થી ૫ ક્રમમાં હતો. હજુ પણ રાજકોટ જિલ્લામાં શિક્ષણની વિકાસકૂચ સતત ચાલી રહી છે.

# ૧૬મી ઓક્ટોબર વિશ્વ અન્ન દિવસ : ભારતમાં PMGKAY થકી ગરીબોને મળ્યો અન્ન સલામતીનો આધાર




### વિશ્વ અન્ન દિવસ-૨૦૨૪ની થીમ છે ''સારા જીવન અને સારા ભવિષ્ય માટે અન્નનો અધિકાર'' : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી ગરીબોને વિનામૂલ્યે અનાજ આપતી 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' વિશ્વના અન્ય દેશો માટે પ્રેરણારૂપ : રાજકોટ જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષમાં ૪૩,૨૪૮ મે. ટન ઘઉં, તથા ૫૪,૮૩૦ મે. ટન ચોખાનું વિનામૂલ્યે વિતરણ

વિશ્વભરમાં દર વર્ષે ૧૬મી ઓક્ટોબર વિશ્વ અન્ન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સન ૧૯૪૫માં આ દિવસે સંયુક્ત રાષ્ટ્રના ખોરાક અને કૃષિ સંગઠન (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન)ની સ્થાપના થઈ હતી અને તેના માનમાં, ૧૬ ઓક્ટોબર ૧૯૮૧થી આ દિવસની ઉજવણીની શરૂઆત થઈ હતી. ત્યારથી સમગ્ર વિશ્વમાં ભૂખમરા સામે લડતા કે ખાદ્યાન્ન સુરક્ષા માટે કાર્ય કરતા વિવિધ સંગઠનો તેમજ વિશ્વના ૧૫૦ દેશો અને ૫૦ ભાષાઓ બોલતા લોકો ૧૬મી ઓક્ટોબરે વિશ્વ અન્ન દિવસની ઉજવણી કરે છે. ખોરાક એ પ્રાથમિક અને મૂળભૂત માનવ અધિકાર છે. વિશ્વ અન્ન દિવસની વર્ષ-૨૦૨૪ની થીમ છે ''સારા જીવન અને સારા ભવિષ્ય માટે અન્નનો અધિકાર'' (રાઈટ ટુ ફૂડ ફોર બેટર લાઈફ એન્ડ બેટર ફ્યુચર). ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના અહેવાલમાં જણાવાયા પ્રમાણે, આ વિશ્વની વસતીને ખવડાવતા વધે એટલું અનાજ ખેડૂતો ઉત્પન્ન કરી રહ્યા છે, આમ છતાં પણ ભૂખમરો નાબૂદ નથી કરી શકાયો. વિશ્વમાં આશરે ૭૩ કરોડ ૩૦ લાખથી વધુ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. જેની પાછળ બદલાતું હવામાન, સંઘર્ષો, આર્થિક મંદી, અસમાનતા તથા રોગચાળો કારણભૂત હોવાનું મનાય છે. આ બધી સ્થિતિ ગરીબો અને નબળા લોકોને સૌથી ગંભીર અસર કરે છે, જેમાંના ઘણા કૃષિ પરિવારો છે, જે તેમના દેશમાં તેમજ વિશ્વમાં વિસ્તરી રહેલી અસમાનતાને પ્રતિબિંબિત કરે છે. હવા અને પાણી પછી અન્ન એ ત્રીજી માનવીની સૌથી અનિવાર્ય જરૂરિયાત છે. દરેક વ્યક્તિને પૂરતા અન્નનો અધિકાર હોવો જોઈએ. આજે વિશ્વમાં આશરે ૨૦૮ કરોડથી વધુ લોકો પોષક આહાર મેળવી શકતા નથી. કૂપોષણથી સ્વાસ્થ્યને લગતી અનેક સમસ્યાઓ સર્જાય છે, બાળકનો તંદુરસ્ત વિકાસ થઈ શકતો નથી. કોઈપણ દેશ માટે કૂપોષણ મોટી સમસ્યા બની રહે છે. કૂપોષણની સમસ્યાને પારખતા, તેની નાબૂદી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૮માં ૮મી માર્ચે, ભારતમાં સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષની વય સુધીના બાળકોના પોષણની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને 'રાષ્ટ્રીય પોષણ અભિયાન' શરૂ કરાવ્યું હતું. જે અંતર્ગત દર વર્ષે, માર્ચ મહિનામાં ૧૫ દિવસ સુધી 'પોષણ પખવાડિયું' ઉજવવામાં આવે છે. તેવી જ રીતે, સપ્ટેમ્બર મહિનાની સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે. હાલમાં જ સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન' સાથે ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી પોષણ માહનો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે તેમણે કહ્યું હતું કે, 'સહી પોષણ-દેશ રોશન'ના ધ્યેય સાથે માતા અને બાળકના સુપોષણ અને સ્વાસ્થ્ય તંદુરસ્તીથી વિકસિત ભારત @૨૦૪૭નો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ સાકાર કરવામાં પોષણ માહ મહત્વપૂર્ણ બનશે. આ તકે ગુજરાતમાં કૂપોષણની નાબૂદી અંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, "ખાસ કરીને આદિજાતિ વિસ્તારોના બાળકોનું પોષણ સ્તર ઊંચું લાવવા દૂધ સંજીવની યોજનામાં અંદાજે ૧૩ લાખથી વધુ બાળકોને પાશ્ચ્યુરાઈઝ્ડ ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ મિલ્ક સરકાર આપે છે. ટેક હોમ રાશન, પોષણ સુધા અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના દ્વારા વધારાનું પ્રોટિન તથા પૂરક પોષક આહાર લાભાર્થીઓને પૂરો પાડવામાં આવે છે. આવી સર્વગ્રાહી પોષણ યોજનાઓના સકારાત્મક પરિણામો રાજ્યમાં જોવા મળ્યા છે અને અત્યાર સુધીમાં ૪૫ લાખ લાભાર્થીઓને યોજનાકીય લાભ મળ્યા છે. લોકોના અન્નના અધિકારને પ્રાધાન્ય આપતા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કોરોનાકાળમાં ગરીબોને વિનામૂલ્યે અનાજ આપતી 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' (પી.એમ.જી.કે.એ.વાય.) શરૂ કરાવી હતી. 'દરેક વ્યક્તિને અનાજ મળવું જોઈએ (નો વન લેફ્ટ બિહાઈન્ડ)' -એ ભાવથી શરૂ થયેલી પી.એમ.જી.કે.એ.વાય. યોજના આજે વિશ્વના અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) અને અન્ય કલ્યાણ યોજનાઓને ડિસેમ્બર ૨૦૨૮ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી દીધી છે. આ એક એવી યોજના છે, જેમાં એન.એફ.એસ.એ. (નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ) યોજના અન્વયે રેશનકાર્ડધારકોને કાર્ડદીઠ એક કિલો ઘઉં તથા ચાર કિલો ચોખા મળીને કુલ પાંચ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. જ્યારે અંત્યોદય કાર્ડધારકોને ૧૫ કિલો ચોખા અને ૨૦ કિલો ઘઉં મળીને કુલ ૩૫ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (એન.એફ.એસ.એ.) હેઠળ રાજકોટ જિલ્લામાં કુલ ૩ લાખ, ૨૨ હજાર, ૯૩૮ રેશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩ લાખ, ૧૫ હજાર ૬૨૩ નાગરિકોનો સમાવેશ થયેલો છે. રાજકોટ જિલ્લામાં એપ્રિલ ૨૦૨૩થી લઈને માર્ચ-૨૦૨૪ સુધીમાં ૩૦,૫૬૫ મેટ્રીક ટન ઘઉં, ૩૭,૩૯૩ મે. ટન ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. જ્યારે ૭૬૨.૪૧ મે. ટન તુવેરદાળ ઉપરાંત ૧,૭૬૮ મે. ટન ખાંડ, ૨૦૨૨ મે. ટન મીઠું ઉપરાંત ખાદ્યતેલના ૫૭૧ પાઉચનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે એપ્રિલ ૨૦૨૪થી લઈને ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧૨,૬૮૩ મે. ટન ઘઉં, ૧૭,૪૩૭ મે. ટન ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. જ્યારે ૬૨૭ મે. ટન ખાંડ, ૫૨૯ મે. ટન મીઠું તેમજ ૨૭૮ લીટર ખાદ્યતેલના પાઉચનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું છે. ભારતમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પી.એમ.જી.કે.એ.વાય.) આજે અનેક ગરીબોની અન્ન સલામતીનો આધાર બની છે.

**ખાસ લેખ : સંદીપ કાનાણી**

# ઉનાના ફેક્ટરી રોડ ઉપર રખડતા ઘોડાના ત્રાસથી રાહદારી પરેશાન



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૬

ઉનામાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર રખડતા ઘોડાઓએ દિવસભર આતંક મચાવ્યો રોડની વચોવચ ચાલતા મોટર સાયકલને હડફેટે લેતા બાઈક ચાલક જીવથી જતા બચી ગયો. આ બનાવ બન્યો તેમ અનેક વખત આ રખડતા ઘોડા અકસ્માતના ભોગ લોકો, રાહદારીઓ બની ચૂકયા છે પણ ઘોડા માલિકને પોતાના ઘોડાની લાખોની કમાણી કરી રોડ ઉપર રખડતા ઢોરોની માફક ખુલ્લા ઘોડાને હાઈવે ઉપર છોડી દેવામાં આવે છે. જેમાં છાશવારે અકસ્માતનાં બનાવો બને છે પરંતુ ઘોડા માલિક કે તંત્રને કોઈ ફરક પડે એવું લાગતું ન હોવાથી તંત્ર દ્વારા આ ઘોડા માલિક સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. આવી બેદરકારી દાખવનાર ઘોડા માલિક સામે યોગ્ય કાર્યવાહી કરી કડક કાર્યવાહી કરવા લોક માંગ ઉઠી છે. અગાઉ પણ આ ઘોડા માલિકની બેદરકારી સામે અરજીઓ થયેલ હોય પરંતુ તંત્રએ મોન સેવ્યું આજ દિન સુધી તંત્ર દ્વારા આ ઘોડા માલિક સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને જો આવું જ રોડ ઉપર બન્યું અને કોઈનો જીવ ગુમાવ્યો તો આના જવાબદાર કોણ ? તંત્ર કે ઘોડા માલિક એ પણ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### મકાન-દુકાન અને મજુરો અંગે પોલીસને જાણ નહી કરનારાઓ વિરૂધ્ધ

# જૂનાગઢ જીલ્લામાં પોલીસ દ્વારા આકરી કાર્યવાહી વધુ ૧૪ સામે જાહેરનામા ભંગની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ સહિત જીલ્લાભરમાં પોલીસ દ્વારા મકાન અને દુકાન ભાડે આપવા અંગે તેમજ પરપ્રાંતીય મજુરી અંગેની પોલીસને જાણ ન કરનારાઓ વીરૂધ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી છે ત્યારે ગઈકાલે ૧૪ સામે જાહેરનામા ભંગની ફરીયાદ વિવિધ પોલીસ મથકોએ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સેજની ટાંકી પાસે આવેલ લોંગ ફળીયામાં યુનુસભાઈ મયુદીનભાઈ કુરેશીએ પોતાનું મકાન જયારે જગમાલ ચોક વિસ્તારમાં માનવ ચંદ્રકાંતભાઈ ગોરડીયાએ પોતાનું મકાન, માંડવી ચોક વિસ્તારમાં મકસુદ દાઉદભાઈ અમરેલીયાએ પોતાનું મકાન પરપ્રાંતીય વ્યકિતઓને ભાડે આપી જાહેરનામા ભંગની ફરીયાદ નોંધાયેલ છે. જયારે સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગ ા ા ં ધ ી ગ ા ્ ા મ વિસ્તારમાં બાલુ ગોગનભાઈ કરમટાએ પોતાનું મકાન પરપ્રાંતીય માણસોને ભાડે આપી પોલીસને જાણ નહી કરતા પોલીસે ફરીયાદ નોંધાયેલ છે. જયારે વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસરફભાઈ મજીદભાઈ કુરેશી, માધવજીભાઈ કલ્યાણજીભાઈ કચ્છી, જગદીશભાઈ વિઠ્ઠલભાઈ પાનેલીયા, ભીખુભાઈ ચીમનભાઈ ચૌહાણ, અરવીંદભાઈ લાધાભાઈ રામાણી, પરશોતમભાઈ શામજીભાઈ રામાણીએ પોતાના મકાનો બહારના જીલ્લાના વ્યકિતઓને ભાડે આપી પોલીસને જાણ નહી કરી જાહેરનામા ભંગની ફરીયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી કરી છે.

તેમજ કેશોદમાં અમુભાઈ સોમાભાઈ ચાવડાએ તેમજ ચોરવાડમાં વજીરખા હુસેનખા લીગારીએ પોતાના મકાનો બહારના જીલ્લાના વ્યકિતઓને ભાડે આપી પોલીસને જાણ ન કરતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. જયારે જૂનાગઢના સાબલપુર ખાડીયા વિસ્તારમાં કારખાનું ધરાવતા ઈકબાલભાઈ સીદીભાઈ પતાણીએ પરપ્રાંતીય મજુરોને રહેણાંક ઓરડી આપી કારખાનામા રાખી જાહેરનામાનો ભંગ કરતા પોલીસે કાર્યવાહી કરી તેમજ મેંદરડામાં મહીપત જગુભાઈ મકવાણાએ પોતાની દુકાન પરપ્રાંતીય માણસને ભાડે આપ્યાની ફરીયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં સંતબાબા વાસુરામ સાહેબ વૈકુંઠ દરબાર સાહેબનો વાર્ષિક મહોત્સવ ઉજવાશે

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢમાં શ્રી વાસુરામ સાહેબ વૈકુંઠ દરબાર ગિરીરાજ રોડ જૂનાગઢ ખાતે સંત બાબા વાસુરામ સાહેબનાં વૈકુંઠ દરબાર સાહેબનાં વાર્ષિક મહોત્સવની આવતીકાલ તા. ૧૭-૧૦-૨૩ ગુરૂવારનાં રોજ શરદ પૂનમનાં દિવસે ધામધૂમપૂર્વક ઉજવણી થશે. સાંજનાં ૫ થી ૬ સુખમની સાહેબનો પાઠ સાહેબ, નિરમલા દેવીની કથા અને સહેજી પાઠ સાહેબનું ભોગ સાહેબ તેમજ સાંજનાં ૬ થી ૯ સુધી મ્યુઝીકલ પાર્ટી ઉત્તમભાઈ રાજાભાઈ રાજકોટવાળાની રાખવામાં આવી છે. જયારે લંગર સાહેબ પ્રસાદી ૯ કલાકે સાંજનાં રાખવામાં આવી છે. ધર્મપ્રેમી ભાઈ-બહેનોને આ કાર્યક્રમનો લાભ લેવા ભાઈસાહેબ સુરેશકુમાર આર. વાસવાણી તેમજ સની એસ. વાસવાણી અને ગુરૂજીની પિયારી શિખ સંગત દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢમાં બાકી લેણી રકમ વાળી વધુ બે મિલ્કતોને કોર્પોરેશન દ્વારા સીલ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ઘણા લાંબા સમયથી બાકી લેણી રકમ રહેતી હોય તેવા મિલ્કત ધારકો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને મિલ્કતોને સીલ મારવા સહિતના પગલાઓ ભરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે વધુ બે મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકાના કમિશનર ડો. ઓમ પ્રકાશની સુચના અંતર્ગત મિલ્કત વેરા વસુલાત શાખા દ્વારા મિલ્કતની લાંબા સમયથી બે આસામીઓએ બાકી રહેતી રકમ ભરપાઈ ન કરતા ઘરવેરા શાખા દ્વારા આવી મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઝાંઝરડા રોડ પર આવેલી જનકપુરી સુપર કો.ઓ.હા.સો.લી. જીટીએલ ટાવર(રૂા.૧૩૭૯૬૬) તેમજ દીપક ઈન્ડસ્ટ્રીઝ વડાલ રોડ(રૂા.૧૮૦૮૦૩)ને સીલ કરવામાં આવેલ છે અને રૂા.૨.૬૦ લાખની વસુલાત કરવામાં આવી હોવાનું કોર્પોરેશનની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દિવાળી પર્વે સોમનાથમાં ભક્તો કરી શકશે વર્ચ્યુઅલ લક્ષ્મી




### દેશભરના ભાવિકો ઓનલાઈન માતા લક્ષ્મીની આરાધના કરી સોમનાથમાં પૂજિત રોજમેળ, શ્રી યંત્ર મેળવી શકે તેવું આયોજન : આરાધક અને આરાધ્યને ટેકનોલોજીથી જોડનાર ભક્તિ સેતુ બનશે વડાપ્રધાન મોદીનું સોમનાથ ટ્રસ્ટ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૬

સનાતન ધર્મમાં સૌભાગ્યની દાયિની દિવાળીના પર્વ ઉપર માતા લક્ષ્મીની પૂજા કરીને એમના આશીર્વાદ સાથે નવા વર્ષની શરૂઆત કરવામાં આવે છે. રિદ્ધિસિદ્ધીના દાતા શ્રી ગણેશ અને માતા લક્ષ્મીના આશીર્વાદ સાથે નવા રોજમેળનું પૂજન કરીને વેપારીઓ નવા વર્ષના આર્થિક વ્યવહારોની શરૂઆત કરતા હોય છે. આ જ પરંપરાને લોકો માટે સુલભ અને સુખદાયી બનાવના માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજીટલ ભારતના વિઝનને અનુસરીને, દેશભરના ભક્તોને ઓનલાઈન માધ્યમથી સોમનાથ મંદિર ખાતે લક્ષ્મી પૂજન માટે જોડવા માટે વિશેષ ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં દિવાળીના દિવસે તા.૩૧-૧૦-૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૫:૪૫ થી ૭:૦૦ વાગ્યા સુધી સોમનાથ મંદિરમાં દેશભરમાં વસતા ભક્તોના લાભ માટે વિશેષ લક્ષ્મી પૂજન કરવાનું આયોજન કરાયેલ છે. લક્ષ્મીપૂજનમાં ભક્તો પ્રત્યક્ષ આવીને તેમજ ઓનલાઈન માધ્યમથી પણ પૂજા કાર્યમાં જોડાઈ શકશે. ઓનલાઈન પૂજન નોંધાવનાર ભક્તોને પૂજા કરેલ રોજમેળ, શ્રીયંત્ર, બોલપેન, સોમનાથ મહાદેવના નમન અને ભસ્મ, રૂદ્રાક્ષ પ્રસાદ તરીકે નોંધાવેલ એડ્રેસ ઉપર મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પૂજા નોંધાવવાથી લઈને પૂજા કરેલ રોજમેળ, શ્રી યંત્ર, અને નમન ભસ્મ પ્રસાદ ઘર સુધી મેળવવા માટે માત્ર રૂા.૧૫૦૦ની નજીવી ન્યોછાવર રાશી રાખવામાં આવી છે. ભક્તો આ લક્ષ્મી પૂજા ટ્રસ્ટની ઓફિશ્યલ વેબસાઈટ somnath.org ઉપરથી, મંદિરના પૂજાવિધિ કાઉન્ટર ઉપર નોંધાવી શકશે. દેશભરના ભક્તો, જેમણે સોમનાથ વર્ચ્યુઅલ લક્ષ્મી પૂજન નોંધાવ્યું છે, તેઓને ઓનલાઈન મીટિંગ દ્વારા આ પૂજામાં જોડવામાં આવશે. સોમનાથમાં પ્રત્યક્ષ લક્ષ્મી પૂજન તેમજ વર્ચ્યુઅલ પૂજા ગૃહમાં મર્યાદિત સ્લોટ્સ હોવાથી, એડવાન્સ રજીસ્ટ્રેશન અપેક્ષિત છે. તો ચાલો આ દિવાળીએ શાંતિના દાતા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં લક્ષ્મી પૂજન કરીને આપણા વ્યવસાયિક વિકાસના આશીર્વાદ અને સ્વસ્થ નિરોગી સૌભાગ્યની વર્ષા મેળવીએ.

# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષા શ્રીમતી અંજના પંવારના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જીલ્લાના સફાઈ કર્મચારીઓના પ્રશ્નોની સમીક્ષા બેઠક યોજાઈ

**સફાઈ કર્મચારીઓને કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓનો લાભ અને જાણકારી મળી રહે તે માટે ખાસ કેમ્પ યોજવા નિર્દેશ : લઘુત્તમ વેતન, સફાઈ કર્મીઓની આરોગ્ય તપાસણી, વીમો સહિતના લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવા અપાઈ સૂચના**









જૂનાગઢ, તા.૧૬

ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષા શ્રીમતી અંજના પંવારના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જિલ્લાના સફાઈ કર્મચારીઓના પ્રશ્નોની સમીક્ષા બેઠક યોજાઈ.

,જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયા અને મહાનગરપાલિકા તથા જિલ્લાની નગરપાલિકાઓના અધિકારીઓ ઉપરાંત સફાઈ કર્મીઓના યુનિયનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સફાઈ કર્મચારીઓના પ્રશ્નોના સાર્થક ઉકેલ માટે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં શ્રીમતી અંજના પંવારે સફાઈ કર્મચારીઓને સમાજની મુખ્ય ધારામાં જોડવા મૂળભૂત પ્રશ્નોને સંવેદના સાથે હલ કરવા નિર્દેશ આપ્યા હતા. આ સાથે સફાઈ કર્મચારીઓને કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓનો લાભ અને જાણકારી મળી રહે તે માટે ખાસ કેમ્પ માટે સૂચના આપી હતી. ઉપરાંત લઘુત્તમ વેતન, સફાઈ કર્મીઓના આરોગ્ય તપાસણી, વીમો સહિતના લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવા અપાઈ સૂચના આપી હતી.

આ બેઠકમાં સફાઈ કર્મચારીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિશેષ કાળજી લેવા માટે પણ જણાવ્યું હતું. ઉપરાંત સફાઈ કર્મચારીઓને ઋતુ મુજબ એટલે કે ચોમાસા માટે રેઈનકોટ, શિયાળામાં ગરમ કપડાં, સુરક્ષાને ધ્યાને લઈ રેડિયમવાળા જેકેટ, પગ પહેરવાં માટે શૂઝ વગેરે મળી

## જીલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાની ઉપસ્થિતિમાં સફાઈ કર્મીઓના પ્રશ્નોના ઉકેલ માટે વિસ્તારપૂર્વક ચર્ચા-વિચારણા કરાઈ

રહે તે સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષા શ્રીમતી અંજના પંવારે સફાઈ કર્મીઓનું વર્ષમાં ૨ વખત ઈસીજી, એક્સ રે, બ્લડ અને યુરિન રિપોર્ટ સાથેનું ફૂલ બોડી ચેકઅપ થાય તેની તકેદારી લેવા પણ સૂચના આપી હતી. ઉપરાંત સફાઈ કર્મચારીઓ માટે ચેન્જિંગ રૂમની વ્યવસ્થા કરવા માટે જણાવ્યું હતું. સફાઈ કર્મચારીઓના રહેણાંક વિસ્તારમાં કોમ્યુનિટી સેન્ટર બનાવવા માટે પણ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષાએ બનાવવા માટે નિર્દેશ કર્યા હતા. આ કોમ્યુનિટી સેન્ટરમાં એક રૂમમાં લાઈબ્રેરી વિકસાવવા માટે પણ સૂચના આપી હતી. શ્રીમતી અંજના પંવારે સફાઈ કર્મચારીઓ માટે માન. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ ગટરની સાફ-સફાઈ મશીનરીથી હાથ ધરવાની રહે છે, ઉપરાંત સફાઈ કર્મચારીઓને મળતી સહાયનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ બેઠકમાં સફાઈ કર્મચારીઓ અને તેના યુનિયનના હોદ્દેદારોએ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષા શ્રીમતી અંજના પંવારને રૂબરૂ મૌખિક અને લેખિત રજૂઆતો પણ કરી હતી. જેના ઉકેલ માટે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, નિવાસી અધિક કલેકટર એન. એફ.ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.એ. જાડેજા, અનુસૂચિત જાતિના ઈન્ચાર્જ નાયબ નિયામક ચેતન પવાર સહિતના અધિકારીઓ ઉપરાંત જિલ્લાની નગરપાલિકાના અધિકારીઓ-પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયામાં શનિવારે રઘુવંશી જ્ઞાતિજનો માટે સમૂહ પ્રસાદનું આયોજન

જામ ખંભાળિયા, તા.૧૬

ખંભાળિયામાં આગામી શનિવાર તા. ૧૯મી ના રોજ રઘુવંશી જ્ઞાતિજનો માટે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. અહીંના શ્રી દામોદરભાઈ મૂળજીભાઈ ગઢીયા (દામભાઈ ઘોડાગાડી વાળા) પરિવાર દ્વારા જ્ઞાતિલક્ષી ધાર્મિક પ્રવૃત્તિના ભાગરૂપે શનિવાર તારીખ ૧૯ મીના રોજ રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો માટે સમૂહ પ્રસાદનું આયોજન અત્રે બેઠક રોડ પર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે કરવામાં આવ્યું છે. આ આયોજનમાં શનિવારે સાંજે ૬ થી ૮:૩૦ વાગ્યા સુધી બહેનો માટે તેમજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી ભાઈઓ માટે સમૂહ પ્રસાદનું આયોજન કરાયું છે. જેમાં ઉપસ્થિત રહેવા સર્વે જ્ઞાતિબંધુઓને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## જેડબ્લુએ નાગરિકોને લોહીની અછત વચ્ચે 'પ્રેમ' દાન કરવાની વિનંતી કરી રક્તદાન શિબિરોનું આયોજન કરીને ૪૩મી વર્ષગાંઠની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૬

જેડબ્લુ દશેરાના દિવસે પોતાના સ્થાપના દિનની ઉજવણી છેલ્લા ૪૩ વર્ષની જેમ રક્તદાન શિબિરો યોજીને કરી. પુરુષોના લકઝરી લાઈફ સ્ટાઈલ રિટેઈલ સ્ટોરએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રત્યેની તેમની સતત પ્રતિબદ્ધતાના ભાગરૂપે સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં રક્તદાન શિબિરોનું આયોજન કર્યું હતું. આ પહેલ એવા નિર્ણાયક સમયે કરવામાં આવી છે



જ્યારે દેશમાં તાજેતરના ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના ફાટી નીકળવાના કારણે લોહીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે, જે રક્તદાનને પહેલા કરતાં વધુ તાકીદનું બનાવે છે. જેડબ્લુના પ્રયાસોએ આ સંકટને દૂર કરવામાં મદદ કરવા માટે સમગ્ર પ્રદેશના સમુદાયોને એકસાથે લાવ્યા છે. આ વર્ષે, વિવિધ શહેરોમાં ૫૦૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં ડાયરેક્ટર્સ, સ્ટાફ મિત્રો, માનવંતા ગ્રાહકો અને પડોશી સ્ટોર સભ્યોએ પણ દાન અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. જેડબ્લુની ૪૩મી વર્ષગાંઠ એ માત્ર તેમની સફળતાની જ નહીં, પરંતુ જરૂરિયાતના સમયે એકબીજાને ટેકો આપવા માટે એકસાથે આવતા સમાજની ઉજવણી હતી. કંપની લોકોના જીવન પર સકારાત્મક અસર કરવા માટે સમર્પિત છે અને નાગરિકોને જીવન બચાવવામાં મદદ કરવા રક્તદાન કરવાનું ચાલુ રાખવા વિનંતી કરે છે.

## જૂનાગઢ ખાતેના સરકારી અતિથિ ગૃહની ઈમારતને વિકાસ સપ્તાહ અંતર્ગત રોશનીથી શૃંગારિત કરાઈ



જૂનાગઢ, તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યનો મુખ્યમંત્રી તરીકે પદવાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યના સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસ યાત્રાની શરૂઆત કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમ્યાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે જૂનાગઢ ખાતેના સરકારી અતિથિ ગૃહને રોશનીથી શૃંગારિત કરવામાં આવ્યું છે. જૂનાગઢ શહેરના બિલખા રોડ પર આવેલા આ સર્કિટ હાઉસની ઈમારત રંગબેરંગી લાઈટિંગથી ઝળહળી ઊઠે છે. જે રાત્રિના સમયે દર્શનીય બની રહે છે.

## મેંદરડા તાલુકાના નાનીખોડીયાર ખાતે પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાઈ






જૂનાગઢ, તા.૧૬

રાજ્યને પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃતવમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયત સહિતની અનેક મૂલ્યવર્ધક ખેતી થઈ શકે છે. જૂનાગઢ જિલ્લાના ખેડૂતો પરંપરાગત ખેત પદ્ધતિથી પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે.

ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત શરૂ રાખી નાગરિક પ્રથમના અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરુપે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહ-૨૦૨૪ની ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી છે. 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરુપે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. 'વિકાસ સપ્તાહ' અંતર્ગત 'પ્રાકૃતિક કૃષિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. મેંદરડા તાલુકાના નાનીખોડીયાર મુકામે યોજાયેલ પ્રાકૃતિક કૃષિ શિબિરમાં, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી અને માર્ગદર્શન આપવામાં આપવામાં આવ્યું હતું. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિના ફાયદા, ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો, લાભદાયક ખેત પદ્ધતિ, જમીનની ગુણવત્તામાં સુધારો અને ફળદ્રુપતામાં વધારો, વિવિધ પાક પદ્ધતિ, ઘન જીવામૃતનું મહત્વ વગેરે વિષયક વિસ્તૃત જાણકારીથી ખેડૂતો વાકેફ થયા હતા. પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો અને માર્ગદર્શન માટે પ્રાકૃતિક કૃષિ ફિલ્ડ પરના કર્મયોગીશ્રીઓએ જહેમત ઉઠાવી હતી. પ્રાકૃતિક કૃષિ વિષયક માર્ગદર્શન શિબિરનો લાભ ખેડૂતોએ લીધો હતો. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એ આધુનિક સમયની જરૂરીયાત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલા તા.૦૭ ઓકટોબર, ૨૦૦૧ના દિને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તરીકે ધૂરા સંભાળી હતી. મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની તેમની સફરમાં ગુજરાતનો વિકાસ કેન્દ્ર સ્થાને રહ્યો છે. રાજ્યની ૨૩ વર્ષની 'વણથંભી વિકાસયાત્રા' વિશે જનજન સુધી જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા ઓકટોબર-૨૦૨૪ તા.૭ થી તા.૧૫ સુધી સમગ્ર રાજયવ્યાપી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

# કૃષ્ણ ભૂમિ એવું દેવભૂમિ દ્વારકા બન્યું પ્રવાસીઓ માટેનું સુવિધાસભર યાત્રાધામ

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉભી કરાયેલી સુવિધાઓને કારણે યાત્રાળુઓને અલૌકિક અને સુખદ અનુભવ : દ્વારકા ઉપરાંત આસપાસના વિસ્તારોમાં પણ પર્યટન સ્થળોના વિકાસથી પ્રવાસીઓનો વધતો જતો પ્રવાહ**









(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૬

પ્રાચીન કાળમાં દ્વારાવતી તરીકે ઓળખાતું દ્વારકા ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ. આપણા શાસ્ત્રોમાં દ્વારકાને સાત મોક્ષદાયી નગરોમાં સમાવેશ કરાયો છે. બેટ દ્વારકા, ઘુમલી, અને હરસિદ્ધિ મંદિર જેવા પ્રાચીન સ્થળો ધરાવતો દ્વારકા જિલ્લો ધાર્મિક અને રાષ્ટ્રીય સુરક્ષાની દષ્ટિએ અનેરું મહત્વ ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલા તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શાસન ધૂરા સંભાળી હતી. મુખ્યમંત્રી થી વડાપ્રધાન સુધીની સફરમાં ગુજરાત વિકાસનું રોલ મોડલ રહ્યું છે. વર્ષ ૨૦૧૩માં દ્વારકા, ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ તાલુકાને સમાવીને અલગ દેવભૂમિ દ્વારકા જિલ્લાની રચનાં કરવામાં આવી. છેલ્લા એક દાયકામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાએ કરેલો વિકાસ સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા પ્રવાસન સ્થળો દેશ – વિદેશના નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. તો ચાલો આજે આપણે જાણીએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન સ્થળો વિશે.

### હેરીટેજ સિટી દેવભૂમિ દ્વારકા

સાંસ્કૃતિક અને પુરાતત્વીય વારસો ધરાવતી આ ભગવાન શ્રી કૃષ્ણની ભૂમિને કેન્દ્ર સરકાર દ્વારા હેરીટેજ સિટી તરીકે જાહેર કરી વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જયાં ભગવાન શ્રી દ્વારકાધીશના ચરણોમાં લાખો ભાવિકો શીશ ઝુકાવે છે.

### બેટ દ્વારકા – સુદર્શન સેતુ

ઓખાથી બેટ દ્વારકાને જોડતા આ સુદર્શન સેતુના નિર્માણ થકી દેવભૂમિ દ્વારકા જિલ્લાની યશકલગીમાં એક મોરપીંછ ઉમેરાયું છે. રૂા. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે આ વિશીષ્ટ કેબલ સ્ટેયડ બ્રીજનું ફેબ્રુઆરી, ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું છે. પ્રવાસનના વિકાસ થકી બેટ-દ્વારકા તેમજ ઓખામાં નવી રોજગારીનું સર્જન થયું છે. તેમજ બેટ દ્વારકા ખાતે દર્શનાર્થે આવતા ભકતજનો સરળતાથી દર્શન કરી શકશે. સુદર્શન સેતુની લંબાઈ ૨.૩૨ કીલોમીટર છે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ છે. બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર ૨૦ ટ ૧૨ મીટરના ૪ મોરપંખ આકારવામાં આવ્યાં છે. ઓખા તરફ ૩૭૦ મીટર લંબાઈનો એપ્રોચ બ્રિજ, બેટ તરફ ૬૫૦ મીટર એપ્રોચ બ્રિજ છે. બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે. આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ છે. ફુટપાથની બાજુ પર કોતરણી કામ કરી ભગવદગીતાના શ્લોક તેમજ ભગવાન શ્રીકૃષ્ણની છબીઓ દર્શાવવામાં આવી છે. ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલની ૧ મેગાવોટની વિજળી ઉત્પાદનક્ષમતા છે, જેનો ઉપયોગ બ્રીજના લાઈટીંગમાં થય છે. બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુઈંગ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### શિવરાજપુર બીચ

દ્વારકા અને ઓખા વચ્ચે બ્લુ ફ્લેગ ધરાવતો સ્વચ્છ, સુંદર, સલામત અને મનોહર એવો શિવરાજપુર બીચ આવેલો છે. જે દેશ – વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ બીચ ઉપર હાલ પ્રવાસીઓને લગતી સુવીધાઓને વિકસાવવા માટે પ્રવાસન નિગમ દ્વારા ત્રણ ફેઝમાં કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી પૂર્ણ થતા પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

### નાગેશ્વર જ્યોતિર્લિંગ

દારુકાવનમાં બિરાજતા ભગવાન શિવના જ્યોતિર્લિંગ સમા અને બારે માસ પ્રવાસીઓથી ધમધમતા નાગેશ્વર ખાતે મહાશિવરાત્રીના દિવસે તો અહીં ભક્તિ મેળાનું દ્રશ્ય ખડું થતું હોય છે.

### નાગેશવન

સામાજીક વનીકરણ યોજના હેઠળ સને.૨૦૧૩-૧૪ માં નાગેશ્વર ખાતે રાજયકક્ષાના ૬૪માં વન મહોત્સવની ઉજણવી માટે ૧૦માં સાંસ્કૃતિક વન નાગેશવનનું નિમાર્ણ કરવામાં આવ્યુ છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૌરાણિક તથા ધાર્મિક મહત્વ ધરાવતાં શ્રી નાગેશ્વર જયોતિર્લિંગ ખાતે નાગેશ વનનું લોકાર્પણ કરેલ હતું.

આ નાગેશ વનમાં જુદા જુદા વનો જેવા કે, રાશીવન, નક્ષત્ર વન, પંચવટી વન, તુલશી વન, સપ્તરૂષિ વાવેતર, તેમજ વિવિધ જાતના વૃક્ષોનું વનોમાં વાવેતર કરેલ છે. તેમજ આ નાગેશવનમાં કોતરણીવાળો કલાત્મક ગેઈટ, કૈલાશ પર્વતનું મોડેલ અને તેના ઉપર બિરાજમાન ભગવાન શિવની સહ પરિવાર મુર્તિ, ભગવાન શ્રી કૃષ્ણજીની મૂર્તિ, દારૂકાવધ પ્રસંગની મૂર્તિ, વન કુટીર, મરીન ઈન્ટરપ્રીટીશન સેન્ટર, કેકટસ હાઉસ, ઉજાણી ગૃહ તથા બાળકોના મનોરંજન માટે જુદી જુદી રાઈડસ વગેરે આકર્ષણનું કેન્દ્ર છે. અને નાગેશ્વર ખાતે દર્શનાર્થે આવતા પ્રવાસીઓ માટે એક રમણીય સ્થળનું નિર્માણ કરવામા આવેલું છે.

### કોયલા ડુંગરમાં બિરાજમાન હરસિદ્ધિ માતા

હરસિદ્ધિ માતાનું મંદિર તીર્થધામ કોયલા ડુંગરમાં આવેલું છે. કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામની હદમાં મેઢા ખાડીના કિનારે આ મંદિર આવેલુ છે. અહીં નવરાત્રી દરમિયાન રાજ્ય સરકાર દ્વારા એક દિવસીય નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

### હરસિદ્ધિ વન

કલ્યાણપુર તાલુકાના ગાંધવી (હર્ષદ) ખાતે આવેલ પૌરાણિક તથા ઐતિહાસિક મહત્વ ધરાવતાં હરસિદ્ધિ માતાના મંદીર નજીક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા હરસિદ્ધિ વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હરસિદ્ધિ વનમાં વિવિધ પ્રજાતિના અંદાજિત ૪૧૬૧૯ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક પ્રજાતિના વૃક્ષો; વડ, પીપળો, પ્રાગ વડ, વગેરેનું વાવેતર કરવામાં આવેલ છે તથા દરિયાકાંઠે ઉછરી શકે તે માટે તેને અનુરૂપ રોપાઓ; પીલુ, નાળીયેર, બદામ, અરણી વગેરે વૃક્ષો પણ ઉછેરવામાં આવેલ છે. ગુગળ વન તથા કેક્ટસ વાટીકા વગેરેમાં તેના નામને અનુરૂપ પ્રજાતિઓ ઉછેરવામાં આવેલ છે. ઉપરાંત ઉજાણી સ્થળ તરીકે પર્યટકો આકર્ષાય તે સંદર્ભમાં આ સાંસ્કૃતિક વનમાં બાળ વાટીકા, સેલ્ફી પોઈન્ટ ગાર્ડન, બીચ થીમ સીટીંગ એરીયા, મેડીટેશન, ગઝેબો, સનસેટ પોઈન્ટ વગેરે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા અન્ય પ્રવાસન સ્થળો

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂક્મણી મંદિર, ગોમતી ઘાટ, ભડકેશ્વર મહાદેવ, ગોપી તળાવ, હનુમાન દાંડી, કિલેશ્વર મહાદેવ, શનિ મંદિર – હાથલા, ઘુમલી, સોનકંસારી, આભાપરા હિલ સ્ટેશન, મરીન નેશનલ પાર્ક – નરારા ટાપુ સહિત અનેક પ્રવાસન સ્થળો આવેલા છે કે જે દેશ – વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિકાસ પર ભારે પડતો ઘાટીનો જનાદેશ

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં પરિણામ લગભગ પૂર્વ અનુમાનોને અનુરૂપ જ છે. ચૂંટણીની જાહેરાતથી માંડીને અભિયાન સુધી એ સ્પષ્ટ થઈ ગયું હતું કે જમ્મુ ક્ષેત્રમાં ભાજપ પ્રભાવી છે પરંતુ કાશ્મીરમાં તેનો જનાધાર નથી વધ્યો. બીજી તરફ નેશનલ કોન્ફરન્સનો જનાધાર કાશ્મીરની સાથે જમ્મુ ક્ષેત્રમાં પણ છે. જોકે જમ્મુની ૪૩માંથી ભાજપને ૨૯ સીટો મળવાથી તેના સમર્થકોને નિરાશા થઈ શકે છે. સચ્ચાઈ અને જમીની વાસ્તવિકતાને નકારી ન શકાય. જોકે ત્રણ-ચાર સીટ ભાજપ ઘણા ઓછા અંતરતી હારી છે. જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ ખતમ થવા અને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ અહીં પહેલી વિધાનસભા ચૂંટણી હતી, તેથી તેનાં પરિણામ જોવાના દૃષ્ટિકોણમાં અંતર હોઈ શકે છે. ભાજપ સમર્થકો અને કાશ્મીરની પ્રાદેશિક પાર્ટીઓના સ્વાભાવિક વિરોધીની અંદર નિરાશા એટલા માટે છે કે ત્યાંના લોકો જ ખુલીને કહેતા હતા કે ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ કાશ્મીરનો વડાપ્રધાન મોદીએ એટલો વિકાસ કર્યો, જેની પહેલાં કલ્પના ન હતી. આતંકવાદના ભયથી કાંપતા દૂરસ્થ વિસ્તારોમાં પણ વિકાસ પહોંચ્યો.

સ્થાનિક નિગમોની ચૂંટણીથી નીચલા સ્તર પર વિકાસ અને કલ્યાણકારી કાર્યક્રમોમાં ભાગીદારી વધી, શિક્ષણ સંસ્થાઓ સુચારુ રૂપે ચાલવા લાગી, સાંસ્કૃતિક ગતિવિધિઓ, ખેલકૂદ વગેરે સામાન્ય ગતિવિધિઓની જેમ થઈ ગઈ જેની પાછલા ત્રણ દાયકાથી કલ્પના પણ નહોતી કરી શકાતી. એ સાચું કે ભાજપે બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ, ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને ૨૦૨૧માં પંચો અને સરપંચોની ચૂંટણી કરાવી. તેમ છતાં કાશ્મીરમાં તેનું ખાતું ન ખૂલવું ચિંતાનો વિષય હોવો જોઈએ. જોકે તેને અસ્વાભાવિક ન માની શકાય. ભાજપે જમ્મુમાં ૪૧ અને કાશ્મીરમાં ૧૯ સીટો એટલે કે કુલ ૬૦ સીટો પર ચૂંટણી લડી. પાર્ટીએ પહેલી વાર ૨૩ મુસ્લિમ ઉમેદવારો ઊભા રાખ્યા. બીજી તરફ કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના ગઠબંધનમાં કોંગ્રેસ ૩૨ અને નેશનલ કોન્ફરન્સે ૫૧ સીટો પર ચૂંટણી લડી તથા ૫ સીટો પર બંને વચ્ચે મુકાબલો હતો. જમ્મુ ક્ષેત્ર વિશે એ ધ્યાન રાખવું જરૂરી છે કે અહીં એક તૃતિયાંશ વસતી મુસ્લિમ છે. માત્ર ચાર જિલ્લા જમ્મુ, કઠુઆ, સાંભા અને ઉધમપુરમાં હિંદુ બહુમતીમાં છે, ચિનાબ ઘાટીના ત્રણેય જિલ્લા મિશ્ર છે તથા પીરપંજાલના પૂંછ અને ડોડા મુસ્લિમ બહુમતી છે. જમ્મુ કાશ્મીર આતંકવાદી, અલગતાવાદી હિંસાની અસ્થિર સ્થિતિમાં લાંબા સમયથી રહ્યું. તેમાં ૩૭૦ હટાવ્યા બાદ પરિસ્થિતિઓને એકાએક સામાન્ય કરવી તથા પ્રશાસનિક અને રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ગતિવિધિઓથી લોકો સુધી પહોંચીને તેને સમજાવી શકવી અસંભવ હતું. ભાજપ ઘાટીમાં ક્યાંય હતી જ નહીં અને મુસલમાનો વચ્ચે તેને લઈને હંમેશાં ભ્રમ ફેલાવવામાં આવ્યો.

જમ્મુ-કાશ્મીરને મુસ્લિમ ઓળખ સાથે જોડવાનું ષડયંત્ર આઝાદી પહેલાંથી આરંભ થયું અને તત્કાલીન કેન્દ્રીય સત્તાએ નીતિઓ એ વ્યવહારથી એ માનસિકતાને સશક્ત કરી. ભાજપ સ્થાપિત કરેલી ભારતની અખંડતા સિદ્ઘાંતથી વિપરીત ધારણા વિરુદ્ઘ રહી છે. આ વિચારની સહયાત્રી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ત્યાંની સ્થાપિત પાર્ટીઓ રહી છે. બાદમાં પીડીપી મુખ્ય પાર્ટી બની ગઈ અને તેનો જનાધાર બંને ક્ષેત્રોમાં રહ્યો છે. તેને તોડી શકવો આસાન ન હતું. જોકે કોંગ્રેસ જમ્મુ-કાશ્મીરથી ખતમ થઈ ગયેલી પાર્ટી સાબિત થઈ, કારણ કે તેને ૫ સીટો ઘાટીમાંથી મળી, જેનું કારણે નેશનલ કોન્ફરન્સ સાથેનું ગઠબંધન છે અને એક સીટ માત્ર પીરપંજાબમાં. બાકી જમ્મુમાં તે ક્યાંય જનાધાર સાબિત ન કરી શકી. જો તેનું નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધન ન હોત તો તેનાં સૂપડાં સાફ થઈ ગયાં હોત. ભાજપને એકલા સૌથી વધુ ૨૫.૬૪ ટકા મત મળ્યા છે. તેને સમાંતર નેશનલ કોન્ફરન્સના મત ૨૩.૪૩ ટકા તથા કોંગ્રેસના ૧૧.૨૭ ટકા છે. કોંગ્રેસનો પોતાનો એક અલગ જનાધાર જમ્મુ અને ઘાટી બંને ક્ષેત્રોમાં રહ્યો છે જે આ ચૂંટણીમાં લગભગ ખતમ થઈ ગયો. પીડીપી માત્ર ૮.૭ ટકા મત મેળવનારી પાર્ટી રહી ગઈ અને ત્યારબાદ એકમાત્ર એનપી છે જેને ૧ ટકાથી વધુ મત મળ્યા. ભાજપનું આ આજ સુધીનું સૌથી સારું પ્રદર્શન છે. જોકે ચિંતાનો વિષય છેકે કલમ ૩૭૦ હટાવ્યા બાદ સામાન્ય લોકો પણ મીડિયામાં બોલી રહ્યા હતા કે તેમને શાસનમાં ભાગીદારીનો અવસર મળ્યો, શૈક્ષણિક-સાંસ્કૃતિક-ખેલકૂદ વગેરે ગતિવિધિઓ વધી, વિકાસના જબરદસ્ત કામ થયાં, પરંતુ તેઓ ભાજપને મત આપવા તૈયાર ન હતા. કાશ્મીરની મુસ્લિમ ઓળખની વિરોધી પાર્ટીની છબિ સાથે આખા દેશમાં આ સમયે મુસલમાનોની સામૂહિક પ્રવૃત્તિ ભાજપ વિરુદ્ઘ મતદાનની છે. આ જ કારણે તમામ મતદારોએ લગભગ રણનીતિક મતદાન કર્યું. વિકલ્પ રૂપે નેશનલ કોન્ફરન્સ જ મજબૂત દેખાતી હતી. તેથી પ્રભાવી અપક્ષો અને બાકી પક્ષોને ત્યાં નકારવામાં આવ્યા. પીડીપી માત્ર ત્રણ સીટોમાં સમેટાઈ ગઈ અને મેહબૂબા મુફતીની પુત્રી ઈલ્તીજા મુફતી બીજબેહરા જેવા પરંપરાગત ક્ષેત્રમાં ચૂંટણી હારી ગઈ. પીપલ્સ કોન્ફરન્સના સજ્જાદ લોન કુપવાડાથી હાર્યા અને હૌદવાડાથી પણ માત્ર ૬૬૨ મતોથી જીત્યા. રાશિદ એન્જિનિયરનું સુપ્રીમ કોર્ટના આદેશ પર જેલમાંથી બહાર આવીને પ્રચાર કરવો કામ ન લાગ્યું.

જમાત-એ-ઈસ્લામીથી માંડીને હુર્રિયત સાથે જોડાયેલા ઉમેદવારોને પણ લોકોએ સમર્થન ન આપ્યું, કારણ કે તેની સામે વોટ વહેંચાવા અને ભાજપના મજબૂત થવાનો ખતરો દેખાડવામાં આવ્યો હતો. મુસ્લિમ બહુમતી ક્ષેત્ર જમ્મુના કિશ્તવાડથી ભાજપની શગુન પરિહારની જીત હતી, જેણે નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહમદ કિચલૂને ૫૨૧ મતોથી હરાવ્યા. ભાજપે પીર પંજાલના ક્ષેત્રમાં ગુર્જરો અને પહાડીઓ માટે ભલે ત્રણ દાયકા જૂની અનુસૂચિત જનજાતિના દરજ્જાને પૂરો કર્યો, અનામત આપી પરંતુ ત્યાંની આઠમાંથી એક પણ સીટ ન જીતી શકી. નેશનલ કોન્ફરન્સ સહિત તમામ પાર્ટીઓએ અલગતાવાદી વાયદા કર્યા હતા, જેમાં કલમ ૩૭૦ની વાપસી, ૧૯૫૪ પહેલાંની સ્થિતિની બહાલી, રાજકીય કેદીઓનો છૂટકારો, એ તમામ કાયદા ખતમ કરવા જે જમ્મુ-કાશ્મીરની વિશેષ સ્થિતિને પ્રભાવિત કરે છે, જમીન માલિકી સંબંધી બદલાયેલા કાયદા ખતમ કરવા, પાકિસ્તાન સાથે વાતચીત વગેરે સામેલ હતા. નેશનલ કોન્ફરન્સે તો શંકરાચાર્ય પર્વતને 'તખ્ત-એ-સુલેમાન' તથા હરિ પરિવતને 'કોહે મારન'માં બદલવાની ઘોષણા કરી દીધી. આ પ્રકારની કટ્ટર મજહબી ઘોષણાઓની પણ ત્યાં અસર થઈ. ભાજપે તેનાથી વિપરીત વિકાસ, ભવિષ્યના નિર્માણ, આતંકવાદ, અલગતાવાદ, ભ્રષ્ટાચાર, પરિવારવાદ વગેરેને ખતમ કરીને સાચા લોકતંત્રની બહાલી જેવી સકારાત્મક ઘોષણાઓ કરી. હવે નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસની સરકાર બની રહી છે તો જોવું પડશે કે તે પોતાના વાયદાને લઈને કેટલા આગળ વધે છે. ઉમર અબ્દુલ્લાએ કેન્દ્ર સરકાર સાથે સંબંધ બનાવીને કામ કરવાની વાત કરી છે જેમાં અત્યાર સુધી કોઈ પ્રકારની આક્રમકતા કે વિરોધની ભાષા નથી. સંભવ છેકે આ નિવેદન રણનીતિક પણ હોય. તેથી ઉમર અબ્દુલ્લાના નેતૃત્વવાળી સરકારની નીતિ-રીતિ, વ્યવહાર તથા ભવિષ્યનાં રાજકીય સમીકરણોનું સ્પષ્ટ સ્વરૂપ ઉઘાડું પડવામાં થોડો સમય લાગશે.

# ભારતમાં ૫૦% ગ્રામીણ અને ૯૩% શહેરી પરિવારો રસોઈ માટે સ્વચ્છ બળતણનો ઉપયોગ કરે છે : સર્વેક્ષણ

**ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ જેવા રાજ્યોમાં, ગ્રામીણ ઘરોમાં રસોઈ માટે સ્વચ્છ ઇંધણનો ઉપયોગ ૩૦% કરતા ઓછો છે, આ ડેટા કહે છે કે, LPG સિલિન્ડરો માટે વધુ સબસિડી આપવાની જરૂર છે**

નવી દિલ્હી તા.૧૬

ભારતમાં આશરે ૬૩ ટકા પરિવારો એલપીજી અથવા કુદરતી ગેસ સહિત સ્વચ્છ ઇંધણનો ઉપયોગ રસોઈ માટે કરે છે, જેમાં શહેરી વિસ્તારોમાં તેનો ઉપયોગ ગ્રામીણ વિસ્તાર કરતાં વધુ છે. સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન (MoSPI) મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નવા સર્વે મુજબ ડેટા સૂચવે છે કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) ચાલુ હોવા છતાં, ગરીબ પરિવારોને મફત એલપીજી કનેક્શન આપવાના ઉદ્દેશ્ય સાથે મે ૨૦૧૬માં શરૂ કરવામાં આવેલી મોદી સરકારની આ મુખ્ય પહેલ, એલપીજી સિલિન્ડર ઉપર વધુ સબસિડી આપીને ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છ ઈંધણ અપનાવવા દબાણ કરવાની જરૂર છે. PMUY 2.0 ઓગસ્ટ ૨૦૨૧માં લોન્ચ કરવામાં આવી હતી.

MoSPI હેઠળ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO) દ્વારા હાથ ધરવામાં આવેલ વાર્ષિક મોડ્યુલર (CAM) સર્વે ૨૦૨૨-૨૩, દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં ૯૨.૯ ટકાની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં માત્ર ૪૯.૩ ટકા પરિવારો રસોઈ માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરે છે. આ સર્વેમાં જુલાઈ ૨૦૨૨થી જૂન ૨૦૨૩ વચ્ચે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૩.૦૨ લાખ પરિવારોને આવરી લેવામાં આવ્યા હતા. રાજસ્થાન, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મેઘાલય સહિતના કેટલાક રાજ્યોમાં, ગ્રામીણ વિસ્તારોમાં રસોઈ માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરતા પરિવારોની ટકાવારી ૩૦ ટકાથી ઓછી છે.

પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે આ ડેટા દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં લોકો હજુ પણ એલપીજી સિલિન્ડર ખરીદી શકતા નથી. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં લોકો હજુ પણ એલપીજી સિલિન્ડર ખરીદી શકતા નથી. સિલિન્ડરો ઉપર વધુ સબસિડી આપવાની જરૂર છે. મોદી સરકારના મુખ્ય ફોકસ ક્ષેત્રો પૈકી એક ગરીબ પરિવારોને, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રસોઈ માટે સ્વચ્છ ઈંધણ પૂરૂં પાડવાનું છે. ૨૦૧૬ માં PMUY લોન્ચ કરતી વખતે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કેઃ આ યોજનાથી ગરીબ પરિવારો અને ખાસ કરીને ગરીબ મહિલાઓને ફાયદો થશે.

આ વર્ષે માર્ચની એક સરકારી અખબારી યાદીમાં જણાવાયું હતું કે દેશભરમાં એલપીજી ગ્રાહકોની સંખ્યા ૨૦૧૪માં ૧૪.૫૨ કરોડ હતી તે આ વર્ષની શરૂઆતમાં ૩૨.૧૭ કરોડ થઈ ગઈ છે. આ વર્ષે ૮ ઓગસ્ટના રોજ લોકસભામાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ૧ જુલાઈ સુધી,



PMUY હેઠળ ૧૦.૩૩ કરોડ LPG કનેક્શન પ્રદાન કરવામાં આવ્યા છે. સીએએમ સર્વે રિપોર્ટ અનુસાર, કેટલાક રાજ્યોમાં રસોઈ માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ ૫૦ ટકાથી નીચે છે. જેમાં બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મેઘાલય, ઓડિશા, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આ અહેવાલ દર્શાવે છે કે ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ એકમાત્ર એવા રાજ્યો છે જ્યાં શહેરી વિસ્તારોમાં સ્વચ્છ ઈંધણનો ઉપયોગ ૮૦ ટકાથી ઓછો છે.

**શૌચાલય અને અન્ય આવશ્યક સવલતોમાં સુધારો**

છેલ્લા દાયકામાં, મોદી સરકારે પીવાના પાણી અને શૌચાલયની પહોંચ જેવી આવશ્યક સુવિધાઓ સુધારવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે. આ સર્વેમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં જાહેર પરિવહન, પીવાનું પાણી, શૌચાલય વગેરે જેવા પરિમાણો ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. તેનો અહેવાલ દર્શાવે છે કે સર્વેક્ષણ કરાયેલા ૯૭.૮ ટકા પરિવારો પાસે શૌચાલય છે, અને ગ્રામીણ વિસ્તારોમાં આ પહોંચ લગભગ શહેરી વિસ્તારોની સમાન છે. શહેરી વિસ્તારોમાં ૯૮.૯ ટકાની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં ૯૭.૧ ટકા પરિવારો પાસે શૌચાલય છે.

પીવાના પાણીની પહોંચની દૃષ્ટિએ, ગ્રામીણ વિસ્તારો (૯૪.૯ ટકા) અને શહેરી વિસ્તારો (૯૭.૫ ટકા) વચ્ચે નજીવો તફાવત છે. જ્યારે પરિવહન જોડાણની વાત આવે છે, ત્યારે આ અહેવાલ દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં ૯૩.૭ ટકા પરિવારો ૫૦૦-મીટરની ત્રિજ્યામાં ઓછી ક્ષમતાવાળા જાહેર પરિવહન જેમ કે ટેક્સીઓ, બસો, ઓટો વગેરેની એક્સેસ ધરાવે છે. ૨૦૦૦માં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ, કેન્દ્રએ ગ્રામીણ કનેક્ટિવિટી સુધારવા માટે તમામ રસ્તાઓનું નિર્માણ કરવાનું શરૂ કર્યું. ગ્રામીણ વિકાસ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બે દાયકામાં ૭.૮ લાખ કિમી રોડ નેટવર્ક વિકસાવવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ અહેવાલ જણાવે છે કે લગભગ ૯૪ ટકા ગ્રામીણ પરિવારો રહેઠાણના સ્થળથી ૨ કિમીની અંદર તમામ મુખ્ય રસ્તાઓ સુધી પહોંચે છે.

# દ્વારકા ખાતે બેતાલીસ ગામના આગેવાનો દ્વારા સ્વ. રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવાઈ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૬

તાજેતરમાં દેશના પ્રમુખ ઉદ્યોગપતિ રતન ટાટાનું દુઃખદ અવસાન થતાં સમગ્ર દેશમાં શોકની લાગણી વ્યાપી છે ત્યારે ઓખામંડળમાં પણ આઝાદીકાળથી ટાટા ગૃપનું ઔદ્યોગિક એકમ આવેલ હોય આ વિસ્તારના લોકોનો પણ સ્વ. રતન ટાટા સાથે અનોખો સંબંધ હોય દ્વારકાના સનાતન સેવા મંડળ ખાતે સ્થાનીય ધારાસભ્ય પબુભા માણેકની આગેવાનીમાં તેમજ ઓખામંડળના બેતાલીસ ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં સ્વ. રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ધારાસભ્ય પબુભા માણેકે સ્વ. રતન ટાટાને દેશનું ખરા અર્થમાં રતન ગણાવી તેમના ઔદ્યોગિક તેમજ સામાજિક ક્ષેત્રે યોગદાનને બિરદાવ્યું હતું.

# ઈરાન દ્વારા નાટો દેશોના સંગઠન માફક મીડલ ઈસ્ટના દેશોનું બનાવવાની હિલચાલ ??!!





## ઈઝરાયલ-ઈરાન વચ્ચેની તંગદિલી શું મીડલ ઈસ્ટના દેશોને નવો રાહ દર્શાવે છે ?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૬

છેલ્લા એક વર્ષથી હમાસ-ઈઝરાઈલ્ વચ્ચે ચાલતાં હવાઈ હુમલા અને તેમાં એક પછી એક નજીકના દેશો ઉપર ઈઝરાયલ દ્વારા કરાતા હુમલામાં હિઝબુલ અને હ્યુટીની આંતરારાષ્ટ્રીય આંતકવાદી ત્રિપુટી જોડાતા હમાસથી શરૂ થયેલ ઈઝરાયલ આસપાસના દેશો વચ્ચેની તંગદિલીમાં યુનાઈટેડ નેશનના શાંતીના પ્રયાસોની અમલવારી થવાના બદલે આ વિવાદ મીડલ ઈસ્ટના અન્ય દેશો તરફે ફેલાઈ રહ્યો હોય અને દરેક દેશ હવે ઈઝરાયલને પાઠ ભણાવવાની તૈયારીમાં લાગી ગયા હોય તેમ હમાસ-હિઝબુલના મોટાભાગના ટોપથી બોટમ સુધીના આંતકવાદીઓનો ઈઝરાયલ દ્વારા સફાયો કરવા છતાં અહીં શાંતી થવાના બદલે હુમલાઓ વધુને વધુ તેજ બની રહ્યાં છે અને મીડલ ઈસ્ટમાં ટેનશન વધારી રહ્યાં છે અને આ યુદ્ધમાં અન્ય દેશોને જોડવા તરફ પરિસ્થિતિ જઈ રહેલ છે. જેમાં ગત સપ્તાહે ઈરાન દ્વારા અને હવે ઈઝરાયલ માટેના શાસ્ત્રો લઈ જતા એક જાહજને સિરિયા દ્વારા નષ્ટ કરવામાં આવ્યાનું, હ્યુટી દ્વારા યમનના પોતાના કબજાગ્રસ્ત વિસ્તાર ઉપરથી ઈઝરાયલ ઉપર હુમલો કરવો, ઈરાકના આંતકવાદીઓ દ્વારા તેમના કબ્જાગ્રસ્ત વિસ્તાર ઉપરથી હુમલા કરવાના બની રહેલા બનાવો વચ્ચે પણ કોઈને સીઝફાયર કરવું નથી અને મીડલ ઈસ્ટમાં હવે ઈઝરાયલ સામે કરો યા મરોની નીતિ અખત્યાર કરવામાં આવ્યા બાદ આવનાર પરિસ્થિતિ પામી ગયેલ અમેરીકા અને યુરોપના દેશો પણ હવે સીઝફાયર માટે ઈઝરાયલ ઉપર દબાણ કરી રહ્યાં છે. ત્યારે જ આંતરરાષ્ટ્રીય લેવલ ઉપર અમેરીકા, યુરોપના દેશો દ્વારા બીજા વિશ્વ યુદ્ધ બાદ વિશ્વ યુદ્ધ કે અન્ય કોઈ દેશ દ્વારા હુમલો કરવામાં આવે તો એકબીજા દેશોને મદદરૂપ થવા સાથે લશ્કરના સૈનિકોને પણ આપવાની શરતો સાથે વર્ષ ૧૯૪૯ એપ્રિલ મહીનાની ૪ તારીખે થયેલ રચના એ અમેરીકાને જગત જમાદર બનાવવા સાથે વિશ્વના દેશો બે ભાગ ડેમોક્રેટિક કન્ટ્રી અમેરિકા અને કોમ્યુનિષ્ટ કન્ટ્રી રશિયાના સ્પોર્ટિંગ કન્ટ્રીમાં વિભાજિત થયેલ જે સમયે વિશ્વને શાંતીનો સંદેશ આપનાર ભારત દ્વારા નોન એલાઈન્સ (કોઈ સાથે નહીં)ના નારા વચ્ચે પોતાના સ્પોર્ટનું અલગ ઓર્ગેનાઈઝેશન બનાવેલ જેમાં સાઉથ આફ્રિકા અને તેમના દેશો અને એશિયાના દેશો મળી કુલ્લ ૫૭ દેશો દ્વારા આ સંસ્થા ચાલુ કરવામાં આવેલ. પરંતુ બીજા વિશ્વ યુદ્ધ બાદ બનેલ વિશ્વના દેશોના સંગંઠન યુનો મતલબ યુનાઈટેડ નેશનમાં વિશ્વના વિકસિત દેશોના ફંડથી ચાલુ થયેલ આ સંસ્થામાં ફક્ત વિશ્વના વિકસિત દેશોનું જ ભવિષ્યમાં વર્ચસ્વ રહે તે માટે આ સંસ્થામાં ફક્ત પાંચ દેશોને યુનાઈટેડ નેશન દ્વારા કરવામાં આવતી કામગીરીમાં હસ્તક્ષેપ કરવા કે અટકાવવાના વીટો પાવર આપવામાં આવતા ભારત દ્વારા અવિકસિત દેશોનું સંગઠન બનાવવામાં આવેલ તે હાલ કોઈ આવાજ વગરનું મૃત પાયઃ પરિસ્થિતિમાં ચાલી રહ્યું છે. ત્યારે હવે દુનિયાની પાયાની જરૂરિયાત તેવા ક્રુડ ઓઈલના ભંડારોને કારણે વિશ્વમાં આર્થિક રીતે અન્ય દેશોની સરખામણિમાં ટૂંક સમયમાં વિશ્વના વિકસિત થયેલ દેશો જેટલા સદ્ધર થતા તેમના દ્વારા વર્ષ ૧૯૬૦માં ઓપેક(ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્ષપોર્ટ કન્ટ્રી)ની રચના કરી વિશ્વના અન્ય દેશોને તેમની ટેકનોલોજીની તાકાત સામે પોતાની પેટ્રોલિયમ ભંડારોની તાકાતનું દર્શન કરાવેલ. ત્યારે હવે ઈરાન દ્વારા વિશ્વના ટેક્નોક્રેટ કન્ટ્રીના લશ્કરી સંગઠન નાટો સામે મીડલ ઈસ્ટના દેશોનું પણ તે પ્રકારનું સંગઠન બનાવાની બહાર આવેલ વિગતો અને આ વિચાર પાછળ અને તેના દોરી સંચારમાં કોમ્યુનિષ્ટ કન્ટ્રી રશિયા- ચાઈનાનો મહત્વનો ભાગ હોવાનુ નકારી શકાતું નથી. પણ આ શક્ય બને તેવા સંજોગો બહુ ઉજળા પણ જણાતા નથી કારણ કે ઈરાનની રાહબરી હેઠળ આ કાર્યવાહી થાય અને ત્યાંના મુસ્લીમો શીયા સંપ્રદાયના છે જેની વસ્તી વિશ્વના મુસ્લીમોની વસ્તીના ફકત ૨૦% છે. જ્યારે બાકીના ૮૦% સુન્ની મુસ્લીમોની વસ્તી છે અને તે સાઉદી અરબના વર્ચસ્વ હેઠળ હાલમાં છે. ત્યારે શિયાં સુન્ની વચ્ચેનો વિવાદ આ વિચારને સાકાર કરતો અટકાવી રહ્યાની શક્યતા નકારી શકાતી નથી. પરંતુ આ વિચાર આવનારા દિવસોમાં ક્યાંક ઈરાનમાં મોટી નવાજુની કરશે તેવું પણ યુદ્ધ નિષ્ણાંતો માની રહ્યાં છે જે આવનારો સમય દર્શાવશે.

# આરએસએસની સ્થાપનનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં માધવ ક્રેડિટ કો.ઓ. સોસાયટીએ કરી નવતર ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના દશેરા ૧૯૨૪ના રોજ થઈ તા.૧૨-૧૦-૨૦૨૪ દશેરાને દિવસે ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં તેની ઉજવણી વિવિધ રીતે થઈ રહી છે. જૂનાગઢની માધવ ક્રેડિટ. કો. સોસાયટીએ આ ઉજવણીના ભાગરૂપે આરએસએસના વયોવૃદ્ધ વડિલ સ્વયં સેવકોનુ સન્માન કરવાનું આયોજન કરેલું. સંસ્થાના ચેરમેન અને ડીરેકટર બોર્ડના સભ્યોએ આ બુઝર્ગોના ઘરે જઈને, તેમને શાલ ઓઢાડી, સુંદર કાંડ અને ગીતાજીનો મોમેન્ટો અર્પણ કરીને, મીઠું મોઢું કરાવીને તેઓને સન્માનિત કર્યા. પ્રથમ રાઉન્ડમાં નવલભાઈ જોશી, નલિનભાઈ વ્યાસ, માર્કડભાઈ ભટ્ટ, શાંતિલાભાઈ મોજીદરા અને બીજા રાઉન્ડમાં પિયુષભાઈ દેસાઈ, ગોરધનભાઈ ટાંક તથા મહેન્દ્રભાઈને સન્માનિત કરાયા અને તેઓના તેના યુગના વિશિષ્ઠ સંભારણા સાંભળી ધન્યતા અનુભવી એમ માધવ ક્રેડિટ કો. સોસાયટીના ચેરમેન પ્રો. પી.બી. ઉનડકટની યાદી જણાવે છે.

# ચાર માસનાં વેકેશન બાદ આજથી સાસણ નેચર સફારી પાર્ક ખુલ્યું : હાઉસફુલ

જુનાગઢ,તા.૧૬

આજે ૧૬ ઓકટોબર એટલે સિંહોના ચાર માસનું વેકેશન પૂર્ણ. એશિયાન્ટીક સિંહના દર્શન માટે આજથી ગિરનાર અને સાસણ જંગલમાં પ્રારંભ થઈ ચુકયો છે. સાસણ જંગલમાં ૧૦૦ નવી મોડીફાઈડ ગાડીઓ મુકવામાં આવી છે. ગીરનાર જંગલ નેચર સફારી પાર્કમાં પણ આજે વેકેશન પૂર્ણ થતા પ્રથમ દિવસે ૭ પરમીટોનું બુકીંગ થયું છે. અ ચાર માસ જંગલમાં પ્રવેશવાની મનાઈ વન વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગીરનાર જંગલ માટે ડીસીએફ અક્ષય જોષીના જણાવ્યા મુજબ સવારે ૪ અને બપોર બાદ ૩ મળી કુલ ૭ પરમીટ સિંહદર્શન માટે બુકીંગ થયું હતું. એક પરમીટમાં પુકત વયના ૬ સાથે એક બાળક ૩થી ૧૨ વર્ષને મંજુરી આપવામાં આવે છે. આમ પ્રથમ દિવસે ૪૦થી વધુ પ્રવાસીઓ સિંહ દર્શન માણી શકશે. અત્યાર સુધીમાં ગીરનાર જંગલમાં ૭૫ પરમીટનું એડવાન્સ બુકીંગ થયું છે. ગીરનાર નેચરલ પાર્કમાં ૫૬ સિંહ ૬૫ દિપડા સામે ૧૧૬૧૦ તૃણહારી-પ્રાણીઓ નોંધાયા છે. રોજ ૧૫૦ પરમીટો આપવામાં આવશે. વહેલી સવારે ૬ કલાકે ૫૦ સવારે ૯ કલાકે ૫૦, બપોરના ૩ કલાકે ૫૦ પરમીટ આપવામાં આવશે. ઉપરાંત રજાના દિવસોમાં ૧૮૦ પરમીટ કઢાશે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનની પ્રમાણિક્તાથી વધારે પવિત્ર બીજું કંઈ જ નથી.

- ઈમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૧૪ વ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, પંચક તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧૨, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬ઃ૪૯, સૂ.અ.૬ઃ૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભઃનવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુનઃપારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્કઃ શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહઃ કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યાઃ માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલાઃ અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિકઃમનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધનઃ કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકરઃ મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભઃ વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીનઃ મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.


## ગુજરાતમાં નકલી ઘીનો કાળો કારોબાર બેફામ

# કડી GIDCમાંથી ૪૩ હજાર કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરાયો

અમદાવાદ, તા.૧૬

રાજયમાં નકલી ઘી ઝડપાવવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. તાજેતરમાં જ સુરતમાં સતત બે વાર નકલી ઘીનો જથ્થો ઝડપાયો હતો. ઊનામાં નકલી તેલનો જથ્થો ઝડપાયો, ત્યારે હાલમાં મોટી માત્રામાં નકલી ઘી મહેસાણાના કડીની GIDCમાંથી ઝડપાયો છે. ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારોમાં નકલી ઘીનો કાળો કારોબાર બેફામપણે થઈ રહ્યો છે. કડીની GIDCમાંથી તહેવારોમાં જ શંકાસ્પદ ૪૩,૦૦૦ કિલો ઘીનો જથ્થો ઝડપાયો છે. મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીએ મોડી રાત્રે કડી GIDCમાં આવેલા પાંચ ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. જે તમામ ગોડાઉન ભાડે ચાલતા હતા. પ્રાથમિક માહિતી મુજબ પામ ઓઈલ, ફોરેન ફેટ મિક્સ કરીને ઘી બનાવવામાં આવતું હતું. જો કે એલસીબી દ્વારા શંકાસ્પદ ઘીના નમૂના લઈને વધુ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ડુપ્લિકેટ ઘીની ફેક્ટરીનો માલિક હાલ ફરાર છે. પોલીસે તેને શોધવાની તાજવીજ શરૂ કરી છે. કેટલાક ઈસમો દ્વારા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં હોય તેવું સામે આવી રહ્યું છે. મહેસાણા ફૂડ વિભાગ અને મહેસાણા એલસીબી દ્વારા માહિતીના આધારે કડી GIDCમાં આવેલા રાજરત્ન એસ્ટેટમાં રેડ કરવામાં આવી હતી. જ્યાં શંકાસ્પદ રૂા.એક કરોડથી વધુનો ઘીનો જથ્થો જપ્ત કરી ઘીના નમૂના લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવાતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. મહેસાણા ફૂડ વિભાગના અધિકારી વી.જે.ચૌધરી અને તેમની ટીમ તેમજ મહેસાણા એલસીબી દ્વારા કડી GIDCમાં રેડ કરવામાં આવેલી હતી. જ્યાં પાંચ ગોડાઉનની અંદર શંકાસ્પદ ઘી બનાવવામાં આવી રહ્યું હતું. આ ફેક્ટરીની અંદર માહિતીના આધારે ફૂડ વિભાગ અને એલસીબી દ્વારા રેડ કરવામાં આવી હતી. તેમજ પ્રાથમિક દૃષ્ટિએ પામ ઓઈલ, ફોરેન ફેટ મિક્સ કરી બનાવવામાં આવતું હતું. જે આધારે રેડ કરવામાં આવી હતી તેમજ શંકાસ્પદ નમૂના લઈ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે સ્થળ ઉપરથી ૨૪,૨૯૭ કિલો લૂઝ ઘી, ૪૯૭૯ કિલો લૂઝ પામોલીન, ૮૦૩૬ કિલો રિફાઈન પામોલીન અને અંદાજિત ૫૭૦૦ કિલો ફોરેન ફેટનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. કુલ ૪૩,૧૦૯ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કર્યો છે. તેમની કિંમત રૂા.૧.૨૪ કરોડ રૂપિયા છે. હાલ ફૂડ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત પાટણ શહેરમાં ત્રણ દરવાજા પાસે આવેલ નીતીનકુમાર ભાઈલાલ ઘીવાલાની પેઢીમાંથી શંકાસ્પદ ઘીનું ઉત્પાદન કરતા હોવાનું જાણવા મળતા તંત્ર દ્વારા સ્થળ ઉપર તપાસ કરતા લેબલ વગરનો ઘીનો જથ્થો મળી આવ્યો હતો. જેના આધારે સ્થળ ઉપરથી માલિકની હાજરીમાં કુલ ૧૧ શંકાસ્પદ ઘીના નમુના લેવામાં આવ્યા છે જ્યારે અંદાજીત કિંમત આશરે રૂા.૧૪.૩૦ લાખનો બાકીનો ૨૪૦૦ કિગ્રાથી વધુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરી તપાસ ચાલી રહી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી રાજયમાં ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# રાજયમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરીને રસ્તાઓને સુધારવામાં આવશે



અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં રસ્તાઓના બાંધકામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ટકાઉ માર્ગોના નિર્માણ સાથે પર્યાવરણ સુધારણા અંગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ હેતુસર મુખ્યમંત્રીએ ૧૩ રસ્તાઓની કુલ ૧૦૪.૯૬ કિ.મી. લંબાઈના માર્ગ સુધારણા માટે રૂા.૧૧૨.૫૦ કરોડ ફાળવ્યા છે. એટલું જ નહિ, ભારે ટ્રાફિક ધરાવતા તેમજ ચોમાસા દરમ્યાન ઓવરટોપીંગ થતા હોય તેવા કુલ ૨૦ રસ્તાઓના ૯૩.૩૩ કિ.મી. લંબાઈના માર્ગો સી.સી. રોડના બનાવવા માટે ૩૦૦.૫૭ રૂપિયા મંજૂર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૭મી ઑક્ટોબર ૨૦૦૧ના દિવસે કાર્યભાર સંભાળીને રાજ્યના વિકાસને નવી દિશા આપી છે. આ સફળ સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજયવ્યાપી 'વિકાસ સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે. વિકાસ સપ્તાહની આ ઉજવણીમાં વિવિધ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત, નવા વિકાસ કામોની મંજૂરીના ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી માર્ગોની સુધારણાનો આ પર્યાવરણ પ્રિય અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્લાસ્ટિક વેસ્ટના આવા નિર્માણ કાર્યોમાં વધારેને વધારે ઉપયોગ દ્વારા વિકસિત ભારત માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટનું વિઝન આપેલું છે. તેમના આ વિઝનને સાકાર કરવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને અગ્રેસર બનાવવાના હેતુથી માર્ગ સુધારણા માટેના કામોમાં પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું છે. પ્લાસ્ટિક વેસ્ટનો માર્ગ સુધારણા અને નવ નિર્માણમાં ઉપયોગ આવનારા દિવસોમાં પર્યાવરણ સુધારણાની દિશામાં મહત્વપૂર્ણ બનશે. આ ઉપરાંત માર્ગોની મજબૂતી વધારવા સાથોસાથ રોડની લાઈફ સાયકલમાં પણ વૃદ્ધિ થશે અને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ધ્યેય પાર પડશે.

# ભારતના ૫૦ ટકા ઈન્ટરનેટ યુઝર્સને ઈમેલ કેવી રીતે મોકલવો તેની માહિતી નથી

## દર ત્રીજા વપરાશકર્તાને ઓનલાઈન બેંકિંગ વિશે જાણ છે : સરકારી અહેવાલ

નવી દિલ્હી, તા.૧૬

ભારતની લગભગ તમામ પુખ્ત વસ્તીને 4G સેવાઓની ઍક્સેસ છે અને મોટા ભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા સક્ષમ હોવા છતાં, અડધાથી પણ ઓછી વસ્તી ઈમેલ મોકલી કે પ્રાપ્ત કરી શકે છે, અને ત્રીજા કરતાં વધુ લોકો ઓનલાઈન બેંકિંગનો ઉપયોગ કરી શકે છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સર્વેક્ષણ મુજબ, રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કાર્યાલય (NSSO) દ્વારા જુલાઈ ૨૦૨૨ થી જૂન ૨૦૨૩ દરમ્યાન વ્યાપક વાર્ષિક મોડ્યુલર સર્વે (CAMS) ૨૦૨૨-૨૩ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં સમગ્ર દેશમાં ત્રણ લાખથી વધુ પરિવારોને આવરી લેવામાં આવ્યા હતા. તેમાં જાણવા મળ્યું છે કે ૧૫ વર્ષથી વધુ ઉંમરના ઉત્તરદાતાઓમાંથી લગભગ ૮૬.૫ ટકા લોકો મોબાઈલ ફોન (સ્માર્ટફોન સહિત)નો ઉપયોગ કરવામાં સક્ષમ હતા અને ૯૯.૭ ટકા વસ્તીએ 4G મોબાઈલ ટેક્નોલોજી અથવા ઉચ્ચ સંસ્કરણોનો ઉપયોગ કર્યો હતો. ૫૯.૮ ટકા વસ્તી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આ સર્વેક્ષણમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની ક્ષમતામાં ગ્રામીણ-શહેરમાં મોટું અંતર છે, જેમાં માત્ર ૫૩.૬ ટકા લોકો જ ગ્રામીણ વિસ્તારોમાં તે સંચાલિત કરવામાં સક્ષમ છે. શહેરી વિસ્તારોમાં આ ટકાવારી ૭૪ ટકા છે. વધુમાં, સર્વેક્ષણના લગભગ ૯૫ ટકા ઉત્તરદાતાઓ પાસે લેન્ડલાઈન અથવા મોબાઈલ ફોન હતો, ત્યારે માત્ર ૯.૯ ટકા પાસે ડેસ્કટોપ અથવા લેપટોપ હતું, આ ડેટા દર્શાવે છે કે, બેંકિંગ પેનિટ્રેશનની વાત કરીએ તો, ૯૪.૬ ટકા ઉત્તરદાતાઓ પાસે વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે બેંક ખાતું છે. જો કે, ઈન્ટરનેટ સેવાઓ, ઉપકરણો અને બેંક ખાતાઓમાં ઈન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરવાની મૂળભૂત જાણકારી નથી. દાખલા તરીકે, આ ડેટા દર્શાવે છે કે માત્ર ૪૩.૪ ટકા ઉત્તરદાતાઓ ઈમેઈલ મોકલી અથવા પ્રાપ્ત કરી શકે છે. મુશ્કેલીની વાત એ છે કે, આ પ્રમાણ ૧૫-૨૪ વર્ષની વયના ઉત્તરદાતાઓમાં - ૪૯.૫ ટકા જેટલું હતું. જે લોકો ઈમેલ મોકલવામાં કે પ્રાપ્ત કરવામાં અસમર્થ છે તેમની ટકાવારી શહેરી વિસ્તારોમાં ૫૪.૩ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૩૬.૯ ટકા છે. ૧૫ વર્ષ અને તેથી વધુ વયની વસ્તીમાંથી માત્ર ૩૮ ટકા લોકો જ ઓનલાઈન બેંકિંગ વ્યવહારો કરી શકે છે. ગ્રામીણ ભારતમાં માત્ર ૩૦ ટકા લોકો જ આવા વ્યવહારો કરી શકે છે. નોંધનીય છે કે, માત્ર અડધાથી વધુ (૫૨ ટકા) શહેરી યુવાનોજેની ઉંમર ૧૫-૨૪ વર્ષની વચ્ચે છે તેઓ ઓનલાઈન બેંકિંગ વ્યવહાર કરી શકે છે. ૧૫ અને તેથી વધુ વયની ભારતીય વસ્તીના માત્ર ૩૦ ટકા લોકો ઈન્ટરનેટ ઉપર માહિતી શોધી શકે છે, ઈમેઈલ મોકલી શકે છે અથવા પ્રાપ્ત કરી શકે છે અને ઑનલાઈન બેંકિંગ વ્યવહારો કરી શકે છે. યુએસ સ્થિત મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ ફર્મ બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ (બીસીજી) દ્વારા ફેબ્રુઆરીમાં ભારતમાં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં પણ નોંધવામાં આવ્યું છે કે મોટાભાગની વસ્તી માટે ઈન્ટરનેટની પ્રથમ ઍક્સેસ વિકસિત દેશોની જેમ સામાન્ય ડેસ્કટોપ તબક્કાથી દૂર છે. સ્માર્ટફોનની પરવડે તેવી ક્ષમતા અને સસ્તા ડેટાની ઉપલબ્ધતાને કારણે યુઝર્સ માત્ર મોબાઈલનો ઉપયોગ કરે છે. BCG રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે ભારતીય વપરાશકર્તાઓ દ્વારા સ્માર્ટફોન પર દૈનિક સમય ૨૦૧૦માં બે કલાકથી વધીને ૨૦૨૩માં ૪.૯ કલાક થયો હતો અને તેનું કન્ટેન્ટ સ્ટ્રીમિંગ સૌથી વધુ કરવામાં આવતી પ્રવૃત્તિ છે, જે ફોન ઉપર વિતાવેલા સમયના ૫૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ પછી સોશિયલ મીડિયા અને સર્ચ હતું. તેમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણથી ચાર ટકા સમય ઓનલાઈન બેંકિંગ, ટ્રેડિંગ/રોકાણ અને પેમેન્ટને લગતી પ્રવૃત્તિઓમાં ખર્ચવામાં આવ્યો હતો. ભારતમાં લગભગ ૮૬ ટકા ઈન્ટરનેટ વપરાશકર્તાઓએ ૨૦૨૩માં OTT (ઓવર-ધ-ટોપ) સામગ્રી સ્ટ્રીમ કરી હતી. . ઈન્ટરનેટનો ઉપયોગ કરીને કરવામાં આવતી અન્ય પ્રવૃત્તિઓમાં કોમ્યુનિકેશન (૭૬ ટકા), સોશિયલ મીડિયા (૭૦ ટકા), ઓનલાઈન ગેમિંગ (૫૩ ટકા), નેટ કોમર્સ (૫૨ ટકા) અને ડિજિટલ પેમેન્ટ્સ (૪૫ ટકા)નો સમાવેશ થાય છે.

# રાજ્યના શિક્ષકોનો દિવાળીના ૧૦ દિવસ પહેલાં પગાર કરવા રજૂઆત

અમદાવાદ,તા.૧૬

રાજયમાં દિવાળીના તહેવાર ચાલુ માસના અંતથી શરૂ થનાર છે ત્યારે રાજ્યની શાળામાં ફરજ બજાવતા શિક્ષકો અને અન્ય વહીવટી કર્મચારીઓ દિવાળીની ખરીદી સારી રીતે કરી શકે તે માટે ઓક્ટોબર માસનો પગાર દિવાળીના તહેવાર શરૂ થવાના ૧૦ દિવસ પહેલા કરવા માંગણી કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સરકારી તથા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા કર્મચારીઓનો પગાર સરકારની વખતો વખતની સૂચના અનુસાર જે તે મહિનાના પછીના મહિનામાં પ્રથમ સપ્તાહમાં સામાન્ય રીતે થતો હોય છે. ચાલુ માસમાં જોઈએ તો ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બર દરમ્યાન દિવાળીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર રાજયમાં ખુબ જ ઉત્સાહભેર ઉજવાતો હોય છે. તહેવાર શરૂ થાય તેના દશ દિવસ પહેલાથી જ રાજયના લોકો તહેવારને અનુલક્ષીને ખરીદી કરતા હોય છે.આમ, તહેવારની ખરીદી માટે લોકોને અગવડતા ન પડે તે માટે ઓક્ટોબર માસનો શિક્ષકો તથા વહીવટી કર્મચારીઓનો પગાર દિવાળીના તહેવારનો દશ દિવસ પહેલા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલે રાજયના મુખ્યમંત્રીને આ મુદ્દે પત્ર લખ્યો છે. જેમાં ઓક્ટોબર માસના અંતથી દિવાળીના તહેવારો શરૂ થતાં હોવાથી તહેવારની શરૂઆત થાય તેના ૧૦ દિવસ પહેલા પગાર કરી દેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# માર્કેટમાં સફરજન કરતા પણ મોંઘા થયાં ટામેટા



અમદાવાદ, તા.૧૬

આ વખતે કમોસમી વરસાદે એવી રીતે તબાહી મચાવી છે કે અતિવૃષ્ટિને કારણે શાકભાજીના ઉત્પાદનને અસર થઈ છે. શાકભાજીના ઉત્પાદનને અસર થતાં શાકભાજીના ભાવ આકાશે આંબી ગયા છે. દર વર્ષે ઓક્ટોબર મહિનો શરૂ થતાં જ શાકભાજીના ભાવમાં રાહત મળવા લાગે છે, પરંતુ આ વખતે એવું કંઈક અલગ જોવા મળી રહ્યું છે. આ દિવસોમાં શાકભાજી માર્કેટમાં સફરજનની કિંમત ૧૦૦થી ૯૦ રૂપિયા પ્રતિ કિલો છે, પરંતુ ટામેટાની કિંમત ૧૨૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. લીલા ધાણા ૨૫૦ રૂપિયામાં મળે છે. મોંઘવારી વધવાને કારણે રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. લીલા શાકભાજી ખરીદવી સામાન્ય માણસની પહોંચની બહાર થઈ ગઈ છે. સ્થિતિ એ છે કે લીલા શાકભાજીના ભાવ ફળો કરતા વધુ થઈ ગયા છે. શાકભાજી વિક્રેતાઓએ જણાવ્યું હતું કે, દર વર્ષે સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરના અંતમાં ગ્રામીણ વિસ્તારોમાંથી શાકભાજી આવવાનું શરૂ થાય છે. પરંતુ આ વખતે સ્થાનિક પાક નિષ્ફળ ગયો છે. આવી સ્થિતિમાં અન્ય જગ્યાએથી શાકભાજી મંગાવવી પડે છે. શાકભાજી વિક્રેતાઓના જણાવ્યા મુજબ એક મહિના પહેલા સુધી શાકભાજીના ભાવ નીચા હતા. પરંતુ સ્થાનિક શાકભાજી બગડ્યા બાદ બહારથી આયાત થતા શાકભાજીના ભાવ ત્રણ ગણા વધી ગયા છે. જેના કારણે સામાન્ય માણસનું બજેટ ખોરવાઈ ગયું છે. લોકોનું કહેવું છે કે આ વખતે તહેવારોની સિઝનમાં ભાવ વધવાથી બજેટ બગડી રહ્યું છે. દિવાળીનો તહેવાર ટૂંક સમયમાં આવી રહ્યો છે, તેથી શાકભાજીના ભાવમાં વધારો થતાં લોકો ખૂબ જ પરેશાન છે. સૌથી વધુ મોંઘવારી સલાડ અને અનેક શાકભાજીમાં વપરાતા ટામેટાં ઉપર છે. હાલમાં ટામેટા છૂટકમાં ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. રિટેલમાં પણ બે ભાવ સાંભળવા મળી રહ્યા છે. કેટલાક નાના કદના હળવા ડાઘવાળા ટામેટાંની કિંમત ૭૦થી ૮૦ રૂપિયા પ્રતિ કિલો છે અને સારી ગુણવત્તાવાળા લાલ ટામેટાંની કિંમત ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોથી ઓછી નથી. તે જ સમયે, આવકમાં વધારો થવાને કારણે, સફરજનના ભાવ હવે ટામેટાના ભાવથી નીચે પહોંચી ગયા છે. સફરજનની કિંમત ૯૦ રૂપિયા પ્રતિ કિલો સુધી છે.

# ઈઝરાયેલે બનાવેલા ટાઈમ મશીન દ્વારા યુવાન બનાવી દેવાના ઝાંસામાં ફસાવી ઉત્તર પ્રદેશના દંપતીએ કરી મોટી છેતરપિંડી

## ઈઝરાયેલની ટેક્નોલોજીથી તમે ૬૦થી૨૫ વર્ષના દેખાશો ! લોકોને છેતરી યુપીના દંપતીએ ૩૫ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લામાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં વૃદ્ધોને યુવાન બનવાનો ચસ્કો ભારે પડ્યો છે. વદ્ધોએ ઈઝરાયેલી મશીનથી થેરેપીના ચક્કરમાં ૩૫ કરોડ ગુમાવી દીધા છે. આ મામલો એવો છે કે, અહીં એક પતિ-પત્નીએ વદ્ધોને થેરેપી દ્વારા યુવાન કરવાનો ઝાંસો આપીને ૩૫ કરોડ રૂપિયા ઠગી લીધા છે. હવે આ સમગ્ર મામલે કિદવઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. યુવાન દેખાવાની લાલસામાં માણસ એ ભૂલી ગયો છે કે વૃદ્ધ થવું એ પણ જીવનની એક વાસ્તવિકતા છે. કદાચ એટલે જ હવે કેટલાક લોકોએ પોતાની યુવાની જાળવી રાખવાની લોકોની ઈચ્છાનો ફાયદો ઉઠાવીને તેમને ઠગવાનો પ્લાન બનાવ્યો છે. કાનપુરમાં એક પતિ-પત્ની ઉપર ઈઝરાયેલી મશીન દ્વારા ૬૦ વર્ષથી વધુ વયના વદ્ધોને ૨૫ વર્ષના યુવાન બનાવી દેવાનો ઝાંસો આપીને લગભગ ૩૫ કરોડ રૂપિયા ઠગવાનો રિપોર્ટ નોંધાવામાં આવ્યો છે. લોકોને ચૂનો લગાડનાર આ પતિ-પત્નીએ બધાને ઝાંસો આપ્યો હતો કે, આ ઈઝરાયલી મશીન ઓક્સિજન થેરેપી કરે છે, જેના કારણે વૃદ્ધો યુવાન બની જાય છે. પતિ-પત્ની પર ૩૫ કરોડ રૂપિયાની ઠગાઈ કરવાનો આરોપ લોકોને યુવાન બનવાનો ચસ્કો એવો ચઢ્યો કે, થોડા જ દિવસોમાં હજારો લોકોએ લગભગ ૩૫ કરોડ રૂપિયા આ પતિ-પત્નીની સંસ્થામાં જમા કરાવી દીધા. ઘણા લોકોએ આ મશીનમાં ઓક્સિજન થેરેપી પણ લીધી પરંતુ કોઈ પણ વ્યક્તિ ૬૦ વર્ષથી ઓછા થઈને ૫૯ વર્ષના જેવા પણ ન થઈ શક્યા. અંતે લોકોને જાણ થઈ ગઈ કે અમારી સાથે છેતરપિંડી થઈ રહી છે જ્યારે બીજી તરફ આ વાતની ભનક યુવા પતિ-પત્નીને થઈ જતા તેઓ પણ ગાયબ થઈ ગયા. હવે બંને વિરૂદ્ધ ડો.રેનૂ સિંહ ચંદેલે પોલીસમાં રિપોર્ટ નોંધાવ્યો છે. પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી દીધી છે. રેનૂ સિંહ ચંદેલનો આરોપ છે કે સ્વરૂપ નગરના રહેવાસી રાજીવ દુબે અને તેની પત્ની રશ્મિ દુબેએ સાકેત નગરમાં રિવાઈવલ વર્લ્ડ નામની સંસ્થા ખોલી છે. બંનેએ દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયેલથી વૃદ્ધોને યુવાન બનાવવાની મશીન મંગાવી છે.ર આ મશીન વૃદ્ધોને કેટલીક થેરેપી આપીને ૬૦ વર્ષથી ૨૫ વર્ષના યુવાન બનાવી દે છે. તેમણે આ સંસ્થાનો ખૂબ પ્રચાર કર્યો. રેનૂએ પણ તેમની મશીન ઉપર વિશ્વાસ કરીને સેંકડો લોકોને પોતાની તરફથી યુનિટ બનાવીને તેમની સંસ્થામાં પૈસા લગાવી દીધા. રેનૂનો આરોપ છે કે, કેટલાક લોકોને તેમણે ઓક્સિજન થેરેપી આપી. મશીનમાં એક સાથે ઘણા લોકોનાં બેસવાની વ્યવસ્થા હતી પરંતુ તેમણે ન તો ક્યારેય મશીનનું કોઈને બિલ બતાવ્યું કે ન તો મશીનનું સાચું નામ બતાવ્યું. વદ્ધમાંથી યુવાન બનવાની ચાહમાં લોકો તેમની થેરેપી લેતા રહ્યા. થેરેપી માટે પતિ-પત્નીએ કેટલાક લોકો પાસેથી ૬૦૦૦ રૂપિયા અને કેટલાક લોકો પાસેથી ૯૦૦૦૦ રૂપિયા લીધા હતા. પરંતુ આ થેરાપીથી કોઈ પણ યુવાન ન થયું અને કોઈની ઉંમર ૬૦ વર્ષથી ૫૯ વર્ષ પણ ન થઈ. જ્યારે લોકોને ખબર પડી કે આ લોકો આપણી સાથે છેતરપિંડી કરી રહ્યા છે ત્યારે તેઓએ તેમના પૈસા પાછા માંગવાનું શરૂ કર્યું. પરંતુ આ દંપતી તેમના ફ્લેટને તાળું લગાવીને ગાયબ થઈ ગયું હતું. રેનૂ સિંહનું કહેવું છે કે તેણે લગભગ હજારો લોકો પાસેથી ૩૫ કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ કરી છે. હવે આ લોકો વિદેશ ભાગી જવાના ચક્કરમાં છે. આથી અમે પોલીસ કમિશનર સાથે મુલાકાત કરી પતિ-પત્ની વિરૂદ્ધ કિડવાઈ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે કિદવાઈ નગર ACP અંજલિ વિશ્વકર્માએ જણાવ્યું કે, અમે રિપોર્ટ દાખલ કર્યો છે. ફ્લેટને તાળું લાગેલું છે. બંનેની તલાશ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં બંનેની ધરપકડ કરી લેવામાં આવશે.

## બિહારના શિક્ષણ વિભાગનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય

# સરકારી સ્કૂલોમાં જીન્સ-ટી શર્ટ ઉપર પ્રતિબંધ મૂકાયો

પટણા, તા.૧૬

બિહારના શિક્ષણ વિભાગે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની સરકારી શાળાઓ માટે ડ્રેસ કોડ જાહેર કર્યો છે અને શિક્ષકોને જીન્સ અને ટી-શર્ટ પહેરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. જી હા.. વિભાગની સૂચના મુજબ હવે સરકારી શાળાઓમાં શિક્ષકો ફોર્મલ ડ્રેસમાં જ આવી શકશે. શિક્ષણ વિભાગના નિદેશક (વહીવટ) કમ અધિક સચિવ સુબોધ કુમાર ચૌધરીએ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપી હતી. આદેશમાં શિક્ષકોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર રીલ બનાવવા, ડાન્સ અને ડીજે વીડિયો અપલોડ કરવા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષકો અને અન્ય કર્મચારીઓને શાળામાં શિસ્ત જાળવવા સૂચના આપવામાં આવી છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં શિષ્ટાચાર અને શિષ્ટતાથી વર્તે તેવી સૂચનાઓ આપવામાં આવી હતી, પરંતુ એવું જોવામાં આવી રહ્યું છે કે શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં તૈનાત શિક્ષકો અને કર્મચારીઓ ઓફિસ વિરૂદ્ધ અનૌપચારિક વર્તન (જીસ- ટીશર્ટ) કરી રહ્યા છે. ઉપરાંત નૃત્ય, ડીજે, ડિસ્કો અને અન્ય નિમ્ન સ્તરની પ્રવૃત્તિઓ શાળાના પરિસરમાં સોશિયલ મીડિયા (ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ વગેરે) અને અન્ય માધ્યમો દ્વારા કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. શાળાના પરિસરમાં શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓનું આ પ્રકારનું વર્તન અને વ્યવહાર શૈક્ષણિક માહોલને નકારાત્મક બનાવે છે, જેને ક્યાંય સ્વીકારી શકાય નહીં. શિક્ષણ કેલેન્ડર મુજબ વિશેષ દિવસોમાં નૃત્ય, સંગીત વગેરેના શિસ્તબદ્ધ અને શિષ્ટ કાર્યક્રમો જ માન્ય છે. અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તૈનાત શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ માત્ર શિક્ષણ-કાર્યાલયના સમય દરમ્યાન જ સન્માનજનક પહેરવેશમાં આવશે. તેનું પાલન સુનિશ્ચિત કરવા જિલ્લા શિક્ષણ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

# ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૪ જાહેર થયા, ૧૨૭ દેશોમાં ભારત ૧૦૫માં ક્રમે

(એજન્સી) તા.૧૬

ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની ૨૦૨૪ની યાદીમાં ભારત ૧૨૭ દેશોમાં ૧૦૫માં સ્થાને રહ્યું છે. ૨૦૨૩માં ભારતનો ક્રમ ૧૨૫ દેશોમાંથી ૧૧૧માં ક્રમે હતો અને ૨૦૨૨માં તે ૧૨૧ દેશોમાંથી ૧૦૭માં ક્રમે હતું. કોંગ્રેસે વૈશ્વક ભૂખમરા સૂચકાંકમાં ભારતનું સ્તર ખૂબ નીચું હોવાથી એવા આક્ષેપો કર્યા છે કે, મોદી સરકાર હવે આ ક્રમાંકને લઈ છેડો ફાડી નાખશે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં નેપાળ ૬૮માં, શ્રીલંકા ૫૬માં અને બાંગ્લાદેશ ૮૪માં નંબર ઉપર છે. એટલે કે આ દેશોની હાલત ભારત દેશ કરતા પણ સારી છે. પાકિસ્તાનનું રેન્કિંગ ૧૦૯ છે. કોંગ્રેસે આક્ષેપો કર્યા કે, દેશની મોટાભાગની વસ્તી ભયંકર ગરીબી અને ભૂખમરાથી પીડાઈ રહી છે. દેશનો ગરીબ વ્યક્તિ દિવસ-રાત મહેનત કર્યા બાદ પોતાનું પેટ પણ ભરી શકતો નથી. મોદી સરકાર હવે આ ક્રમાંકને લઈ છેડો ફાડી નાખશે એ નિશ્ચિત છે. કોઈપણ



દેશમાં ભૂખની સ્થિતિ શું છે. આ યાદી દર વર્ષે Concern Worldwide અને World Hunger Help (જર્મનીમાં Welthungerhilfe) નામની યુરોપિયન NGO દ્વારા તૈયાર કરવામાં આવે છે. વિશ્વના વિવિધ દેશોમાં ૪ પરિમાણોનું મૂલ્યાંકન કર્યા પછી આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે. GHI સ્કોર કેવી રીતે ગણવામાં આવે છે ? દરેક દેશના GHI સ્કોર ૩ પરિમાણના ૪ સ્કેલ ઉપર ગણવામાં આવે છે. આ ત્રણ પરિમાણો છે કુપોષણ, બાળ મૃત્યુદર, બાળ કુપોષણ.

# સોમનાથનો સાગર કિનારો શરદ પૂર્ણિમાની ચાંદની રાતમાં નિખરી ઉઠે છે



(પ્રતિનિધી દ્વારા)

સોમનાથ તા. ૧૬

સોમનાથ-પ્રભાસ પાટણમાં દુધ, પૌઆ પ્રસાદી આરોગવાનો મહિમા અને દિવ્ય દર્શનનો અલૌકિક ભક્તિ સમી શરદ પૂર્ણિમા ઉજવવા અનેરો થનગનાટ છે. પ્રભાસના દૈત્યસુદન ભગવાન મંદિર અને દુઃખહરણ મહારાજના મંદિરે શરદપુર્ણિમા નિમિત્તે વિશેષ દર્શન-શણગાર યોજાય છે.

કેટલાક દેવ મંદિરોમાં, પરિસરોમાં અરીસો રાખી તેમાં શરદ પૂર્ણિમાના ચંદ્રનું પ્રતિબીંબ ઝીલી દેવમૂર્તિ સમક્ષ દોય તે રીતે પર્વ મનાવાય છે. કોઈ-કોઈ મંદિરોમાં દુધ, પૌઆ, પ્રસાદી ભાવિકોને અપાય છે. શરદ પુર્ણિમાએ આરોગ્ય, આહાર, સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવતું હોવાથી પ્રભાસના ઘણા ઘરોમાં આજનું ભોજન રસોડા કે ડાઈનીંગ ટેબલ ઉપર હિ પરંતુ કુટુંબના સૌ ઘરની અગાસીમાં બેસીને અરીસામાં ચંદ્રમાં ઝીલી તેની હાજરીમાં દુધ, પૌઆ, પુરી, બટેટાનું શાક સમુહ ભોજન લઈ પ્રકૃતિ દર્શન સાથે ભક્તિનાતો જાળવ છે. અને શેરડીના સાંઠાને રાત્રી આખી અગાસીમાં રહેવા દઈ ચંદ્રના અમૃત કિરણો તેના ઉપર વરસે છે તેવી દ્રઢ માન્યતા સાથે સવારે શેરડી પ્રસાદી રૂપ લે છે.

પ્રત્યેક માસની પૂનમ વિશેષ મહત્વ ધરાવતી હોય છે અને કોઈને કોઈ પર્વ આસ્થા કે મહત્વ પૂનમ સાથે જોડાયેલું હોય છે. પ્રભાસની કથામાં પણ ચંદ્રનો ઉલ્લેખ છે. જેમાં દક્ષ પ્રજાપતિના શાપના નિવારણ માટે ભગવાન ચંદ્રે સોમનાથમાં ભગવાન શંકરની આરાધના કરી હતી અને જેથી તેને પોતાનું તેજ ફરી પ્રાપ્ત કર્યુ હતું અને ચંદ્ર દ્વારા સ્થાપિત શિવલીંગને કારણે 'સોમનાથ' નામથી પ્રસિધ્ધ થયું.

આજે જેનો ચંદ્ર ઉપર અવકાશયાન વિષે આપણે ઓળખીએ છીએ તે જમાનામાં પરિવારોમાં કુટુંબના વડિલો પોતાના સંતાનોને આકાશમાં ચંદ્રમાં દેખાડી કહતા કે 'આ ચાંદામામા છે' ચંદ્રમા ઉપર ફિલ્મી દુનિયામાં અઢળક ગીતો લખાયા, ગવાયા અને લોકોને ગમ્યા પણ છે. જેમાં ચંદામામા દુર સ, પુરી પકાયે દુર સ, આપ ખાયે પ્લાલી મેં મુન્ને કો દે પ્યાલી મે, એ રાત કે મુસાફિર ચંદા જરા બતા દે, આધા હૈ ચંદ્રમાં રાત આધી, પૂનમની પ્યારી પ્યારી રાત, આશાભર્યા ને અમે આવ્યા ને શરદ પૂનમની રાત. આમ લોક સાહિત્યમાં પણ અઢળક ગીતો ચંદ્રમા ઉપર ગવાયા છે. જે ગામ-ગામડા પાદરે બહેનએ નરવા કંઠે ગાઈને રાસ-ગરબા કરી સંસ્કૃતિને જીવંત રાખી છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખેડૂતોને માવઠાનો માર : જીલ્લા કલેક્ટરને આવેદન અપાયું





દ્વારકા, તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા ત્રણેક દિવસ દરમિયાન વરસેલા વરસાદે અનેક ખેડૂતોના સપના રોળી નાખ્યા હોવાનો સુર સંભળાઈ રહ્યો છે. ત્યારે માવઠાએ ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવી લીધો હોવાનું જણાવી, કિસાન અગ્રણી પાલભાઈ આંબલીયા દ્વારા સરકારની નીતિ બાબતે તીખી પ્રતિક્રિયાઓ વ્યકત કરવામાં આવી છે. જિલ્લામાં વરસેલા ભારે વરસાદના કારણે ખેડૂતોની આખી વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું હોવાનું જણાવી, ખેડૂત આગેવાન પાલભાઈએ જણાવ્યું હતું કે અનેક સ્થળોએ આગોતરા - પાછોતરા બન્ને વાવેતર માટે માવઠું નુકશાનકારક સાબિત થયું છે. જેના કારણે મગફળી, કપાસ વિગેરે પાકોને ખૂબ મોટું નુકસાન થવા પામ્યું છે.

આ અતિવૃષ્ટિમાં ૮૦ ટકા જેટલા કપાસનો માવઠાએ સોથ વાળ્યો છે. મગફળીના પાથરા, કપાસના ફૂલ જીંડવા ઉપર માવઠાની મોટી અસર થશે. ચોમાસાની શરૂઆતમાં પહેલા અતિવૃષ્ટિ બાદમાં માવઠાએ ખેડૂતોના ઘરમાં દિવાળીએ હોળી કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર પણ માત્ર જાહેરાતો અને ઠાલા વચનો જ આપે છે. તા. ૧૮ થી ૨૪ જુલાઈમાં થયેલી અતિવૃષ્ટિ માટે ૩૫૦ કરોડની જાહેરાત પછી પણ રાતી પાઈ મળી નથી. આ જ રીતે તા. ૨૨ થી ૩૦ ઓગસ્ટ અતિવૃષ્ટિનું સરવે કર્યું પણ સહાયની હજુ જાહેરાત કરાઈ નથી. જમીન ધોવાણનું તો સર્વે પણ થયું નથી. સરકારે ખેડૂતોને કાંઈ આપવું જ ન હોય તો સરવે અને સહાયની જાહેરાતો કરવાનું બંધ કરે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

**કિસાન સહાયના મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદન**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસી ગયેલા વરસાદના કારણે સર્જાયેલી અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં ખેડૂતોને હજુ વળતર ન મળતા આ મુદ્દે આજે બુધવારે ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે કિસાન અગ્રણી પાલભાઈ આંબલિયાની આગેવાની હેઠળ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો દ્વારા આવેદનપત્ર આપવામાં આવનાર છે.

## જૂની ટેક્સટાઈલ પોલીસી લેપ્સ થતા નવી પોલીસીની જાહેરાત

# રાજ્ય સરકારે ગુજરાત ટેક્સટાઈલ પોલીસી - ૨૦૨૪ને લોન્ચ કરી

## ટેક્સટાઈલ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાના આશય સાથે નવી પોલિસી જાહેર કરાઈ

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય સરકારે ગુજરાત ટેક્સટાઈલ પોલીસી – ૨૦૨૪ને લોન્ચ કરી છે. નવી ટેક્સટાઈલ પોલીસીને મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોન્ચ કરી છે. વર્ષ ૨૦૧૯માં ગુજરાત સરકારે ટેક્સટાઈલ પોલીસીની જાહેરાત કરી હતી. જૂની ટેક્સટાઈલ પોલીસી લેપ્સ થતા નવી પોલીસીની જાહેરાત કરવામાં આવી છે.

પોલિસીની જાહેરાત બાદ મુખ્ય પ્રદાન ભૂપેન્દ્ર પટેલે નિવેદન આપતા જણાવ્યુ કે સરકારે ટેક્સટાઈલ ઉદ્યોગના દરેત સેગમેન્ટનું વિશ્લેષણ કર્યું છે. ટેક્સટાઈલ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાના આશય સાથે નવી પોલિસી જાહેર કરી છે. રોજગારીની તકો વધે, મહિલા સશક્તિકરણનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. ૩૧ ડિસેમ્બર-૨૦૨૩એ જૂની ટેક્સટાઈલ પોલિસી લેપ્સ થઈ ગઈ હતી.

૨૦૧૯ની પોલિસીમાં કેપિટલ સબસિડીની જોગવાઈ ન હતી. વ્યાજ પર અને પાવર પર સબસિડી આપવામાં આવી હતી. ૬ ટકા ઈન્ટરેસ્ટ સબસિડી વાર્ષિક ૨૦ કરોડની કેપ સાથે નવા રોકાણ પર ઉદ્યોગકારોને ૨થી ૩ રૂપિયા પાવર સબસિડી આપી હતી. પ્લાન્ટ મશીનરીનું ૨૫ ટકાથી વધુના એક્સાપન્શન પર જ સબસિડી આપવામાં આવતી હતી. એનર્જી વોટર ઓડિટમાં ૫૦ ટકા લેખે ૧ લાખ સુધીની સબસિડી. જ્યારે નાની મશીનરીઓની ખરીદી પર ૨૦ ટકા લેખે ૩૦ લાખ સુધીની સબસિડી આપવામાં આવતી હતી.

૨૦૧૨ની ટેક્સટાઈલ પોલિસીમાં ટેક્નિકલ ટેક્સટાઈલ માટે ૬ ટકા સબસિડી આપવામાં આવી હતી. સ્પિનિંગ માટે લોન સામે ૭ ટકા ઈન્ટરેસ્ટ સબસિડી. કોટન ઈન્ડસ્ટ્રીને હયાત બિલમાં યુનિટ દીઠ ૧ રૂ.ની સબસિડી આપવામાં આવી હતી. પ્લાન્ટ મશીનરીનું ૨૫ ટકાથી વધુના એકસપાન્સન પર સબસિડી આપવામાં આવતી હતી. એનર્જી, વોટર ઓડિટ માટે ૨૦ ટકા લેખે ૫૦ હજાર સુધીની સબસિડીની જોગવાઈ હતી. મોટી મશીનરી સાથે ખરીદાતી નાની મશીનરીમાં સબસિડી ન હતી.


# ખંભાળિયાના ટાઉન હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૬

ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં રાજ્યની વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથાને જનજનમાં ઉજાગર કરવા માટે તા. ૭ થી તા. ૧૪ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણી કરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ખંભાળિયાના ટાઉનહોલ ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા અગ્રણી પી.એસ. જાડેજાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશ તથા ગુજરાત રાજ્ય વિકાસની નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે વિકાસની નવી ઉંચાઈઓ સર કરી છે. તેને જન જન સુધી પહોચાડવા માટે તા. ૧૫ ઓકટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. તેની અમલવારી કરતા જિલ્લાઓમાં વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિકાસ સપ્તાહની ખૂબ જ સારી રીતે ઉજવણી કરી છે જેના માટે હું અભિનંદન પાઠવું છું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મંગળવારે નગરપાલિકા ટાઉનહોલ ખંભાળિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં રાજ્ય તથા દેશે સાધે અભૂતપૂર્વ વિકાસની ઝાંખી દર્શાવતી નૃત્ય નાટિકા ઝાંઝરી ગ્રુપ દ્વારકા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.



વિકાસ સપ્તાહ અંતર્ગત આયોજિત સાંસ્કૃતિક કાર્યકમમાં નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, નાયબ કલેકટર રિદ્ધિ રાજયગુરુ, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલિયા, રેખાબેન ખેતિયા, ઈન્દ્રજીતસિંહ પરમાર, સી.એલ. ચાવડા, અશોકભાઈ કાનાણી, ચિરાગભાઈ તન્ના સહિત વિદ્યાર્થીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શરદ પૂર્ણિમાનું મહત્વ અલાયદુ છે

આસો માસની પૂર્ણિમાને શરદ પૂનમ કે શરદ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસ પછી દશેરા આવે છે અને ત્યારબાદ જે પૂનમ આવે છે એને શરદ પૂનમ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ચાંદલિયો આકાશમાં પૂર્ણ અને સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદ પુનમની રાતને રઢિયાળી રાત કહેવામાં આવે છે અને આ રાતનો નજારો ખરેખર માણવા લાયક હોય છે. શરદ પૂર્ણિમા આવ્યા પછી વાતાવરણમાં ધીરેધીરે ઠંડક પ્રસરાવા લાગે છે તેથી મોડી રાતે રજાઈ ઓઢવાની ફરજ પડે છે અને શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુજરાતી પંચાગ પ્રમાણે બાર મહિનામાં જેટલી પણ પૂનમો આવતી હોય એનાં કરતાં શરદ પૂર્ણિમાનું વજૂદ અને મહત્વ અલાયદું છે. શરદ પૂર્ણિમાને કોશી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. શરદ પૂર્ણિમાના દિવસે કલાધર ચંદ્રમા એની સંપૂર્ણ શશીકલાઓ પ્રસારી સોળે કલાએ ખીલી અને દીપી ઉઠે છે. નિરભ્ર આસમાનમાં ચંદ્ર એવો જાજરમાન લાગે છે કે તે ચાંદનીની બારાતમાં જઈ રહ્યો હોય એવો ભાસ લાગે છે. આજના દિવસે ચંદ્રમા સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદપૂર્ણિમાના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે રાધાજી તથા ગોપીઓ સમેત જમુનાના તટ ઉપર સૂરીલી મધુરી મોરલીના સથવારે આખી રાત રાસલીલા રચાવી હતી. શરદ પૂર્ણિમાને કોજાગરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણાં કવિ/લેખકોએ પણ પોતાની રચનાઓમાં શરદપૂનમનો ઉલ્લેખ કરેલ છે.

" આસો માસો શરદ પુનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે, સખી મારા ચોકમાં રે."

" શરદ પૂનમની ચાંદની હો હો ચાંદની ખીલી છે ભલી ભાતની".

"શરદ પૂનમની રાતમાં એક વાર તમને જોયાં હતાં, તમને જોઈને અમે સુખ ચૈન ખોયાં હતાં ".

" હો પૂનમની પ્યારી પ્યારી રાત, મારી પ્રિયતમ સાથે છે મુલાકાત, આજે તું ના જાતી".

" સાંભળ સહિયર વાતડી ને નૌતમ આસો માસ, શરદ પૂનમની રાતડી ને ચંદ્ર ચઢ્યો આકાશ ".

" તમ વિરહમાં વેરણ થઈ ગઈ શરદ પૂનમની રાતડી રે".

શરદપૂર્ણિમાને માણેકઠારી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. એવી લોકવાયકા છે કે સાગરમાં ખુલ્લું થઈને પડેલું છીપલું, વરસાદનું ટીપું ગ્રહણ કરીને શરદ પૂનમના દિવસે સાચાં મોતીમાં પરિવર્તિત થાય છે. કહેવાય છે કે માત્ર માનસરોવરમાં વસેલાં હંસ જ સાચાં મોતી ખાય છે. શરદ પૂર્ણિમાના દિવસે જ કુલગુરૂ વશિષ્ઠે રાજર્ષિ વિશ્વરથમાંથી વિશ્વામિત્ર બનેલાં મુનિશ્રીને પોતાના હાથે બ્રહ્મર્ષિની પદવી આપી હતી. આમ શરદ પૂનમનું મૂલ્ય કોઈ પણ પ્રકારે ઓછું આંકી શકાય નહીં.

– યોગેશભાઈ આર. જોશી

# • આજે વિશ્વ ખાદ્ય દિવસ •




કૃષિ-ખાદ્ય પ્રણાલીઓ વિશ્વભરમાં ૧ અબજ લોકોને રોજગારી આપે છે, જે અન્ય કોઈપણ આર્થિક ક્ષેત્ર કરતાં વધુ છે. તદુપરાંત, આપણે જે રીતે ઉત્પન્ન કરીએ છીએ, વપરાશ કરીએ છીએ અને દુખની વાત છે કે ખોરાકનો બગાડ થાય છે, જે કુદરતી સંસાધનો, પર્યાવરણ અને આબોહવા પર બિનજરૂરી દબાણ લાવે છે. ખાદ્ય ઉત્પાદન ઘણીવાર કુદરતી નિવાસસ્થાનનો નાશ કરે છે અથવા નાશ કરે છે અને પ્રજાતિઓના લુપ્ત થવામાં ફાળો આપે છે. આવી બિનકાર્યક્ષમતા આપણને અબજો ડોલર ખર્ચી રહી છે, પરંતુ, સૌથી અગત્યનું, આજની કૃષિ-ખાદ્ય પ્રણાલીઓ આપણા વૈશ્વિક સમાજમાં ગહન અસમાનતા અને અન્યાયને ઉજાગર કરી રહી છે. ત્રણ અબજ લોકો તંદુરસ્ત આહાર પરવડી શકતા નથી, જ્યારે વિશ્વભરમાં વધારે વજન અને સ્થૂળતા સતત વધી રહી છે.

COVID-19 રોગચાળાએ રેખાંકિત કર્યું છે કે માર્ગમાં તાત્કાલિક ફેરફાર જરૂરી છે. તે ખેડૂતો માટે વધુ મુશ્કેલ બનાવ્યું છે - પહેલેથી જ આબોહવા પરિવર્તનશીલતા અને ચરમસીમા સાથે ઝઝૂમી રહ્યું છે - તેમની લણણી વેચવા માટે, જ્યારે વધતી ગરીબી શહેરના રહેવાસીઓની વધતી સંખ્યાને ફૂડ બેંકોનો ઉપયોગ કરવા દબાણ કરી રહી છે, અને લાખો લોકોને તાત્કાલિક ખોરાક સહાયની જરૂર છે. આપણને ટકાઉ કૃષિ-ખાદ્ય પ્રણાલીઓની જરૂર છે જે ૨૦૫૦ સુધીમાં ૧૦ અબજ લોકોને પોષણ આપવા સક્ષમ છે.

વર્ષ મુજબ છેલ્લા ૪૦ વર્ષમાં જે મહત્વ આપવામાં આવ્યું છે તેની વિગત જોઈએ.

૧૯૮૧: ખોરાક પ્રથમ આવે છે
૧૯૮૨: ખોરાક પ્રથમ આવે છે
૧૯૮૩: ખાદ્ય સુરક્ષા
૧૯૮૪: ખેતીમાં મહિલાઓ
૧૯૮૫: ગ્રામીણ ગરીબી
૧૯૮૬: માછીમારો અને માછીમારી સમુદાયો
૧૯૮૭: નાના ખેડૂતો
૧૯૮૮: ગ્રામીણ યુવાનો
૧૯૮૯: ખોરાક અને પર્યાવરણ
૧૯૯૦: ભવિષ્ય માટે ખોરાક
૧૯૯૧: જીવન માટે વૃક્ષો
૧૯૯૨: ખોરાક અને પોષણ
૧૯૯૩: કુદરતની વિવિધતાનો સંગ્રહ
૧૯૯૪: જીવન માટે પાણી
૧૯૯૫: બધા માટે ખોરાક
૧૯૯૬: ભૂખ અને કુપોષણ સામે લડવું
૧૯૯૭: ખાદ્ય સુરક્ષામાં રોકાણ
૧૯૯૮: મહિલાઓ વિશ્વને ખવડાવે છે
૧૯૯૯: ભૂખ સામે યુવા
૨૦૦૦: ભૂખ મુક્ત એક સહસ્ત્રાબ્દી
૨૦૦૧: ગરીબી ઘટાડવા માટે ભૂખ સામે લડવું
૨૦૦૨: પાણી: ખાદ્ય સુરક્ષાનો સ્રોત
૨૦૦૩: ભૂખ સામે આંતરરાષ્ટ્રીય જોડાણ માટે સાથે કામ કરવું
૨૦૦૪: ખાદ્ય સુરક્ષા માટે જૈવવિવિધતા
૨૦૦૫: કૃષિ અને આંતરસંસ્કૃતિક સંવાદ
૨૦૦૬: ખાદ્ય સુરક્ષા માટે કૃષિમાં રોકાણ
૨૦૦૭: ખોરાકનો અધિકાર
૨૦૦૮: વિશ્વ ખાદ્ય સુરક્ષા: આબોહવા પરિવર્તન અને બાયોએનર્જીના પડકારો
૨૦૦૯: કટોકટીના સમયમાં ખાદ્ય સુરક્ષા પ્રાપ્ત કરવી
૨૦૧૦: ભૂખ સામે સંયુક્ત
૨૦૧૧: ખાદ્ય કિંમતો - કટોકટીથી સ્થિરતા સુધી
૨૦૧૨: કૃષિ સહકારી - વિશ્વને ખવડાવવાની ચાવી
૨૦૧૩: ખાદ્ય સુરક્ષા અને પોષણ માટે સસ્ટેનેબલ ફૂડ સિસ્ટમ્સ
૨૦૧૪: કૌટુંબિક ખેતી: "વિશ્વને ખોરાક આપવો, પૃથ્વીની સંભાળ રાખવી"
૨૦૧૫: "સામાજિક સુરક્ષા અને કૃષિ: ગ્રામીણ ગરીબીનું ચક્ર તોડવું"
૨૦૧૬: આબોહવા પરિવર્તન: "હવામાન બદલાઈ રહ્યું છે. ખોરાક અને કૃષિ પણ હોવી જોઈએ"
૨૦૧૭: સ્થળાંતરનું ભવિષ્ય બદલો. ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ વિકાસમાં રોકાણ કરો.
૨૦૧૮: "આપણી ક્રિયાઓ આપણું ભવિષ્ય છે, ૨૦૩૦ સુધીમાં વિશ્વ ભૂખનો અંત શક્ય છે"
૨૦૧૯: "આપણી ક્રિયાઓ આપણું ભવિષ્ય છે, ઝીરોહંગર વર્લ્ડ માટે સ્વસ્થ આહાર"
૨૦૨૦: "વધો, પોષો, ટકાવી રાખો. સાથે મળીને"
૨૦૨૧: "સ્વસ્થ આવતીકાલ માટે અત્યારે સલામત ખોરાક

-ડો.જી.આર.ગોહિલ



તારા મત વિસ્તાર કરતા તારો વિકાસ વિશેષ થઈ ગયો હોય તેવું લાગે છે.!



મંદી છે એટલે દિવાળીનો ખર્ચ કાઢવા આ ધંધો શરૂ કર્યો છે!

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયા'નો કરાવ્યો શુભારંભ

## સ્વસ્થ-તંદુરસ્ત પત્રકાર સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારિતા લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારિતાનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા થકી સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જન-સામાન્યની આરોગ્ય સુખાકારીની હંમેશા ચિંતા કરી છે. તે માટે 'ફિટ ઈન્ડિયા'ની સંકલ્પના તેમણે આપી છે. જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઈન્ડિયા - ફીટ મીડિયા'ના શુભારંભ પ્રસંગે આ વાત કહી હતી. વિકાસ સપ્તાહ અંતર્ગત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે 'ફિટ ઈન્ડિયા - ફીટ મીડિયા' પ્રોગ્રામનો ઉદઘાટન સમારોહ અમદાવાદ રેડક્રોસ ભવન ખાતે યોજાયો હતો. મુખ્યમંત્રીએ આ સંદર્ભે કહ્યું કે, પત્રકારોની આરોગ્ય રક્ષા- સ્વાસ્થ્ય દરકાર માટે માહિતી ખાતા અને રેડક્રોસની આ પહેલ સરાહનીય છે. પત્રકારોના હેલ્થ ચેકઅપ માટેનો આ ઉપક્રમ દર વર્ષે યોજવાની હિમાયત પણ તેમણે કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ આપણી કાર્ય સંસ્કૃતિ છે. સ્વાસ્થ્ય સારૂ હશે તો કોઈ પણ ધંધા-રોજગાર કે વ્યવસાયમાં આપણે ઉત્કૃષ્ટ પ્રદાન કરી શકીશું. સ્ટ્રેસ અને અનિયમિતતા ભરેલી લાઈફ સ્ટાઈલને કારણે પત્રકાર સહિત દરેક વ્યવસાયકારોએ પોતાની આરોગ્ય સંભાળ અવશ્ય લેવી જોઈએ. શરીરમાં આવેલા રોગ-ત્રુટીને જાણવા માટે આરોગ્ય તપાસ જરૂરી છે તેમ જ સમાજ-સરકારમાં રહેલી ત્રુટીની જાણ માટે પત્રકારિતા આવશ્યક છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. મુખ્યમંત્રીએ આ તકે પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોમાં મળતી જેનરીક દવાઓની ઉપયોગીતા સમજાવી હતી. પ્રચાર માધ્યમોના સહકારથી જન ઔષધી કેન્દ્રમાં મળતી દવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી અપીલ તેમણે કરી હતી. આ પ્રંસગે સ્વાગત પ્રવચન કરતા ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલે ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સમાચારો માટે સતત દોડતા પત્રકારોના આરોગ્યની દરકાર માટે મુખ્યમંત્રીએ ચિંતિત થઈ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું. વધુમાં, અજય પટેલે ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા થઈ રહેલા આરોગ્ય વિષયક સેવાઓ અને કાર્યો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૨૮ બ્લડ બેંક કાર્યરત છે. એક કલાકમાં બ્લડ ટેસ્ટનો રિપોર્ટ મળી જાય તે પ્રકારની વ્યવસ્થાઓ છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૩માં જન્મદિને ગુજરાત રેડક્રોસ દ્વારા રાજ્યમાં ૭૩ જેટલા જન ઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા. આગામી સમયમાં સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ જેટલા સ્ટોર ખોલવામાં આવશે તેવું તેમણે કહ્યું હતું.

આ તકે માહિતી નિયામક કે.એલ.બચાણીએ પત્રકારો અને સૌ ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મીડિયા લોકશાહીનો ચોથો અને મજબૂત સ્તંભ છે. લોકપ્રશ્નોને જાગૃત કરવા સતત પ્રયત્નશીલ અને સંઘર્ષશીલ રહેતા મીડિયાકર્મીઓ ક્યારેક આરોગ્યની સંભાળ રાખવાનું ચૂકી જતા હોય છે. માહિતી ખાતા અને રેડ ક્રોસના સંયુક્ત ઉપક્રમે મીડિયાકર્મીઓ માટે શરૂ થયેલ રાજ્યવ્યાપી હેલ્થ સ્ક્રીનીંગ કાર્યક્રમનો મહત્તમ પત્રકારો અને મીડિયા કર્મીઓ લાભ મેળવશે એવી આશા છે. વધુમાં, તેમણે મુખ્યમંત્રી તેમજ મંચસ્થ મહાનુભાવો સહિત કાર્યક્રમના આયોજન સાથે સંકળાયેલ સૌનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે ગુજરાતની વણથંભી વિકાસયાત્રાની શરૂઆત કરાવી હતી. તેમના સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે હાલમાં આપણે રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહ્યા છીએ.

જે અંતર્ગત મીડિયા કર્મીઓ માટે 'ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા' રાજ્યવ્યાપી કેમ્પેઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાથે જ, તેમણે આરોગ્ય સહિત સમાજ કલ્યાણના કાર્યોમાં અગ્રેસર રહેતી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત શાખાની કામગીરીને બિરદાવી હતી.

# જૂનાગઢમાં વિજ્યા દશમી(દશેરા)નાં પાવન તહેવાર અને સંસ્થાનાં ૧૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ, મીઠાઈ, ફરસાણ વિતરણ કરાયું







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જૂનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે અનાજ વિતરણ કરવામાં આવે છે. તો તેનાં અનુસંધાને આ વખતે ઓકટોબર મહિનામાં તા.૧૩-૧૦-૨૦૨૪ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જૂનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૦ કુટુંબોને વિનામુલ્યે ચોખા, તેલ, ખાંડ, નિમક(મીઠું), ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચોખાનાં પૌવા, મગ, ચણા, ચણાની દાળ, સફેદ વટાણા, કપડાં ધોવાનો પાવડર, કપડાં ધોવાનો સાબુ, ન્હાવાનો સાબુ, મીકસ મીઠાઈ, ચવાણું, ફરાળી ચેવડો, મમરાની થેલી, પારલે બિસ્કીટ, વગેરે કુલ ૨૧ (એકવીસ) આઈટમ આપવામાં આવેલ હતી. આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણ નાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજકોટથી ખાસ પધારેલ મુકેશભાઈ એમ.સાગર, જેતપુરથી ખાસ પધારેલ સમર્પણ ગૃપ - જેતપુરનાં પ્રમુખ હરીશભાઈ મણીયાર, જૂનાગઢ દાતાર સેવક નરેન્દ્રભાઈ જોષી(બટુકબાપુ), આર્ય વીર દળ - જૂનાગઢનાં પ્રમુખ દિપકભાઈ આર્ય, સોની સમાજ-જૂનાગઢનાં અગ્રણી વજુભાઈ ધકાણ, આજકાલ ન્યુઝ પેપર - જૂનાગઢનાં તંત્રી શૈલેષભાઈ પારેખ, જેન્તિભાઈ ખાણદર, નાથાભાઈ રાડા, મિલનભાઈ ખાણદર, ભાર્ગવભાઈ માંડલીયા, મહિલા સામાજીક કાર્યકરોમાં નિર્મળાબેન ધકાણ, છાંયાબેન સાગર, પ્રવિણાબેન વાઘેલા, જયશ્રીબેન ગાલોરીયા, તરૂબેન ગઢીયા, રમીલાબેન ઘુચલા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, રોહિણીબેન આચાર્ય, સ્મિતાબેન ગાલોરીયા, જયાબેન પરમાર, નિશાબેન ગોંદીયા, મિતલબેન રાડા, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણનાં પ્રસંગે જૂનાગઢ અને બહારગામથી પણ અલગ અલગ નામી અનામી દાતાઓનો પુરેપુરો સાથ અને સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં શાસ્ત્રીય નૃત્ય, મણિયારો રાસ, ગરબાની જમાવટ સાથે વિકાસ સપ્તાહનું સમાપન

## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો









જૂનાગઢ તા.૧૬

જૂનાગઢમાં શાસ્ત્રીય નૃત્ય, મણિયારો રાસ, ગરબાની જમાવટ સાથે વિકાસ સપ્તાહનું સમાપન થયું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ ખાતેની આસોપાલવ હોટલ ખાતે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરાની અધ્યક્ષતામાં વિકાસ સપ્તાહ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુકેશભાઈ કણસાગરાએ જણાવ્યું કે, ગુજરાત વિકાસના પંથે સતત અગ્રેસર રહ્યું છે, વીજળી, પાણી રોડ રસ્તા સહિત દરેક માળખાકીય સુવિધાઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ઉપલબ્ધ થઈ છે. લોકોની અપેક્ષાઓ ગુજરાત સરકારે પરિપૂર્ણ કરી છે. તેમણે કહ્યું કે, સામાન્ય લોકો માટે આયુષ્માન કાર્ડ થકી લોકોની આરોગ્યની ચિંતાઓ ટળી છે. આ સાથે તેમણે ધરોહર રૂપ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા અને તેમાં ભાગ લેવા માટે પણ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. તેમણે કાર્યક્રમના આયોજકો અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશ અને નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરીની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ શાબ્દિક સ્વાગત કરતા વિકાસ સપ્તાહની ઉજવણીની પૂર્વભૂમિકા આપી હતી. આ સંસ્કૃતિ કાર્યક્રમમાં ગણેશ વંદના સાથેનું શાસ્ત્રીય નૃત્ય, પ્રાચીન ગરબા, પ્રસિદ્ધ મણીયારો રાસ સહિતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રાંત યુવા વિકાસ અધિકારી હિતેશ ડાંગરે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે પ્રાંત યુવા વિકાસ અધિકારી ઉપેન્દ્ર રાઠોડ સહિતના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હારૂન વિહળે સંભાળ્યું હતું.

# માંગરોળ પત્રકાર મિત્ર મંડળ દ્વારા બાય બાય નવરાત્રી ૨૦૨૪નું સફળ આયોજન કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૬

માંગરોળ શહેરમાં પ્રથમવાર પત્રકાર મિત્ર મંડળ દ્વારા યોજાયેલ બાય બાય નવરાત્રી ૨૦૨૪ના સફળ આયોજન બદલ લોકો, આગેવાનોએ પ્રસંશા વરસાવી હતી. પ્રથમ સંતના હસ્તે દિપપ્રાગટ્ય બાદ આયોજકો ખૈલયાઓ સહિત વિવિધ અગ્રણીઓ હસ્તે આરતી કરી ગ્રાઉન્ડ ખુલ્લુ મૂકવામાં આવતા અવનવા ટ્રેડિશનલ ભાતીગળ ડ્રેસોમાં સજ્જ થઈ સિનીયર જૂનિયર અને લિટલ ખૈલયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. આખરે નિર્ણાયકો દ્વારા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વેલ ડ્રેસ અને વેલ સ્ટાઈલ ખૈલયાઓ પસંદગી કરનાર તમામ ખૈલયાઓને આયોજક પત્રકાર મિત્ર મંડળ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ અવસરે માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, પોરબંદર કુતિયાણા ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા, રાજભા ચૂડાસમા મામા સરકાર, ભાજપ રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ વેલજીભાઈ મસાણી, મામલતદાર રાજેશભાઈ પરમાર, તાલુકા વિકાસ અધિકારી આર.વી. ઓડેદરા, સરકારી ઓડવોકેટ પીપી શ્રીમાળી, બાર એસિએશનના પ્રમુખ માધવજી ખાણીયા શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, ચેતનભાઈ કગરાણા, વાલભાઈ ખેર, દાનભાઈ ખાંભલા સહિત અનેક રાજકીય સામાજિક અગ્રણીઓ, અધિકારીઓ, ડોકટરો, વેપારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ખાસ ઉપસ્થિતિ રહી હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું અને આભાર વીધી નિલેશભાઈ રાજપરાએ કરી હતી અને આયોજક ગુણવંતબાપુ સુખાનંદી, જીતુ પરમાર, વિનુભાઈ મેસવાણિયા, વિવેકભાઈ મહેર, પ્રકાશ લાલવાણિ, સંજય વ્યાસ, નિતીન પરમાર, નિલેશ રાજપરા દ્વારા ખેલૈયાઓના ઉત્સાહ અને ઉમંગમાં વધારો કર્યો હતો.

# ઉના : દયાનંદ સોસાયટીમાં નવરાત્રી મહોત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાયા



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૬

ઉના શહેરની દયાનંદ સોસાયટીમાં ૧૯૮૧થી પ્રારંભ નવરાત્રી મહોત્સવ અવિરત ચાલુ હોય આયોજક દ્વારા આ દરમ્યાન દરેક ખેલૈયાઓ માટે નાસ્તો અને ભૂલકાઓ દ્વારા વેશભૂષાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોત્સાહિત ઈનામ દર વરસે હોય છે સાથે દશેરાના રોજ શસ્ત્રપૂજન પણ હોય છે. દયાનંદ યુવા કાર્યકર્તાઓ દ્વારા આ આયોજન કરવામાં આવે છે.

### અવસાન નોંધ

રાજકોટ હાલ અમદાવાદ નિવાસી સીમાબેન ધર્મેન્દ્રભાઈ કાનાબાર તે ધર્મેન્દ્રભાઈ પ્રવીણચંદ્ર કાનાબારનાં ધર્મપત્ની (ઉ.વ.૫૫), સ્વ.પ્રવીણભાઈ વલ્લભદાસ કાનાબારના પુત્રવધુ તે જયેન્દ્રભાઈ, જયેશભાઈ, રોહીત, ભાવેશ, ગૌરવ તથા આરતીબેન રાકેશકુમાર રાજપોપટ(બેંગ્લોર)અને પન્નાબેન પ્રશાંતકુમાર શીંગાળાના ભાભી, તે કિરણભાઈ ધુપેલિયાના પુત્રી તથા દેવેન તથા સ્વ.મનીષ ધુપેલિયાનાં બહેન ગઈકાલે તા.૧૫-૧૦-૨૦૨૪ને મંગળવારનાં રોજ શ્રીજી ચરણ પામેલ છે.

વેરાવળ : પ્રવિણભાઈ હરજીવનદાસ બુધેચા(માળીયા વાળા) તે પરેશભાઈ, રાજીવભાઈ, જીજ્ઞાબેન તરૂણકુમાર તન્ના(સુરત), કુંદનબેન કેતનકુમાર કોટેચા(વેરાવળ)ના પિતાશ્રી, સ્વ.શારદાબેન શાંતિલાલ કક્કડ, નીતીનભાઈ, નગીનભાઈ, નિમુબેન મહેન્દ્રકુમાર તન્ના(જૂનાગઢ), પુનમબેન દિલીપકુમાર ચંદારાણા(ધોરાજી)ના ભાઈ, રતીભાઈ ભગવાનજીભાઈ દાવડાના જમાઈનું તા.૧૪ના રોજ અવસાન થયેલ છે. બેસણું તથા સસરા પક્ષની સાદડી તા.૧૭ને ગુરૂવારે સાંજે ૪થી ૫ કલાકે કાશી વિશ્વનાથ મંદિર, રેયોન હાઉસિંગ સોસાયટી ખાતે રાખેલ


# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ પોલીસ કર્મીઓની જિલ્લા ફેર બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીને અન્ય ત્રણ જિલ્લામાં બદલી કરવાનો હુકમ પોલીસ વડા દ્વારા કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા કેસુરભાઈ લાખાભાઈ માડમને મહીસાગર જિલ્લામાં, હેડ કોન્સ્ટેબલ રવિભાઈ હરિયાભાઈ નાગેશને તાપી જિલ્લામાં તેમજ કિશોરસિંહ રણજીતસિંહ જાડેજાને દ્વારકા જિલ્લાથી અમદાવાદ ગ્રામ્ય ખાતે બદલી કરવાનો હુકમ થયો છે. ત્રણ પોલીસ કર્મીની અન્ય જિલ્લામાં કરવામાં આવેલી આ બદલીએ સ્થાનિક પોલીસ બેડામાં ચર્ચા જગાવી છે.

# ખંભાળિયા નજીક ટ્રકની અડફેટે બાઈક ચાલક યુવાનનું મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયા સલાયા માર્ગ ઉપર આવેલા હરીપર ગામે ગામ નજીક રાત્રિના સમયે પુર ઝડપે અને બેફિકરાઈપૂર્વક જઈ રહેલા જી.જે. ૧૦ ટીવી ૫૨૯૬ નંબરના એક ટ્રકના ચાલક વાલાભાઈ રામજીભાઈ નકુમ (ઉ.વ. ૪૪, રહે. નંદાણા) દ્વારા પોતાના ટ્રકને ગફલતભરી રીતે ચલાવતા આ માર્ગ પર મોટરસાયકલ પર બેસીને જઈ રહેલા હુસેનભાઈ આદમભાઈ સંઘાર નામના યુવાનને અડફેટે લેતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ તથા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવમાં તેમના મિત્ર દાઉદભાઈને પણ શરીરે ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ બનતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી વ્યવસ્થા કરી હતી. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે મૃતકના કુટુંબી ભાઈ હનીફભાઈ સુલેમાનભાઈ સંઘાર (ઉ.વ. ૩૮, રહે. થરી પાડો) ની ફરિયાદ પરથી ટ્રકના ચાલક વાલાભાઈ નકુમ સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તેની અટકાયત કરી લીધી હતી. આ પ્રકરણ અંગે આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.


નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, જુની કેન્દ્રીય વિદ્યાલય, વંથલી રોડ, જુનાગઢની કચેરી દ્વારા જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૪-૨૫ દ્વારા સી-૧ ફોર્મમાં નીચેના કામો માટે યોગ્ય પાત્રતા ધરાવતા કન્સલ્ટન્સી સર્વીસીસ એજન્સીઓ પાસેથી ઓફલાઇન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. અંદાજીત રકમના ૧% લેખેની એફ.ડી.આર. રૂપે બાનાની રકમ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.

| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ રૂ. |
| --- | --- | --- |
| ૧ | ધ્રાફડ સિંચાઇ યોજનાના પ્રોવાઇડીંગ કન્સલટન્સી સર્વીસ ફોર ડીટેઇલ સર્વે એન્ડ અધર કોરસોપોન્ડીગ વર્ક ફોર કન્સ્ટ્રકશન ઓફ આર.સી.સી. બોક્ષ કલવર્ટ ઓન સબમર્જન્સ એરીયા ઓફ ધ્રાફડ ડેમ | ૨૭૫૫૬૨.૫૦ |
| ૨ | સર્વે વર્ક ઓફ પ્રપોઝડ ઘોડાસણ માઇનોર ઇરીગેશન સ્કીમ એટ વિલેજ ઘોડાસણ ઇન તાલુકા વિસાવદર, ડીસ્ટ્રીકટ જુનાગઢ. | ૧૩૫૧૦૬.૦૦ |

આ કામના કોરા ટેન્ડરો તા.૨૯/૧૦/૨૦૨૪ ના ૧૬.૦૦ કલાક સુધીમાં લેખિત અરજી, જરૂરી ડોકયુમેન્ટ તેમજ ટેન્ડર ફી ભર્યેથી આપવામાં આવશે. આ કામના ટેન્ડરોની તમામ શરતો વાંચી-સમજીને ટેન્ડરો ભરવાના રહેશે. ભરેલ ટેન્ડર અલગ કવરમાં તથા ઇ.એમ.ડી. અને પુર્વલાયકી પાત્રતા માટેના જરૂરી ડોકયુમેન્ટ અલગ કવરમાં ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૦૮/૧૧/૨૦૨૪ ના ૧૬.૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ઇ.એમ.ડી. અને પુર્વલાયકી પાત્રતા માટેના જરૂરી ડોકયુમેન્ટ કવર તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ ૧૭-૦૦ કલાકે આ કચેરીમાં ખોલવામાં આવશે. પુર્વલાયકી માપદંડ પરીપુર્ણ કરતા ઇજારદારશ્રીઓના ભાવો ખોલવા માટે પત્રથી જાણ કરવામાં આવશે. બાનાની રકમની એફ.ડી.આર. વગરના તેમજ ટેન્ડરમાં માંગ્યા મુજબના જરૂરી ડોકયુમેન્ટ વગરના ટેન્ડરો અમાન્ય/રદ ગણાશે. વધુ વિગતો માહીતી ખાતાની વેબસાઇટ "www.statetenders. gujarat.gov.in" પર જોવા મળશે. વધુ વિગતો આ કચેરીના કામકાજના દિવસે મળશે.

માહિતી/જૂના/૫૪૦/૨૦૨૪



## જાહેર વિજ્ઞપ્તિ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે કેટલાક ખેડુતો પોતાના ખેતરમાં ઉભા પાકને થતા નુકશાનને અટકાવવા માટે વન્ય પ્રાણી કે અન્ય કોઈને પ્રવેશતા રોકવા માટે પોતાના ખેતર ફરતે ધાતુના તાર વીંટાળી તેમાં વિજપ્રવાહ પીજીવીસીએલના નેટવર્કમાંથી સીધો અથવા વિજજોડાણ માંથી લઈને વહેતો મુકે છે જેના કારણે વન્ય પ્રાણી/મનુષ્ય આવા વીજપ્રવાહ યુક્ત ધાતુના તારના સીધા સંપર્કમાં આવવાથી મોતને ભેટે છે. આ રીતે ખેતરની ફરતે આવેલ ફેન્સીંગમાં વિજપ્રવાહ વહેતો મુકવો એ ગેરકાયદેસર તેમજ બિન અધિકુત પ્રવ્રુતિ છે. આ ઉપરાંત આવા કારણેસર જો કોઈ વિજ અકસ્માત થશે તો તેની સંપુર્ણ જવાબદારી બિન અધીર્કુત વિજપ્રવાહ વહેતો મુકનારની / જગ્યાના માલિકની રહેશે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. આવી પ્રવ્રુતીને કારણે કોઈ વન્ય પ્રાણી / મનુષ્ય મોતને ન ભેટે તે માટે આ પ્રકારની ગુનાહીત પ્રવ્રુતી કોઈપણ વ્યક્તિએ કરવી નહીં.

અધિક્ષક ઈજનેર

પીજીવીસીએલ,વર્તુળ કચેરી, જુનાગઢ

